અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૮ મે ૨૦૨૪, મંગળવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, વૈશાખ વદ ૫ | અંક : ૨૯૭ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### રાજકોટ અગ્નિકાંડ મામલે સરકાર એક્શનમાં આવી

# રાજકોટ ગેમઝોન અગ્નિકાંડમાં સરકારે કુલ સાત અધિકારીને સસ્પેન્ડ કર્યા

## મનપાના ૨ ટાઉન પ્લાનિંગ ઓફિસર, બે પોલીસ ઇન્સ્પેક્ટરનો સમાવેશ

। (એજન્સી) રાજકોટ, તા.૨૭ ।

રાજકોટ ગેમઝોન અગ્નિકાંડમાં ૭ અધિકારીને સસ્પેન્ડ કરાયા છે. તેમાં માર્ગ મકાન વિભાગના ઈજનેર તથા બે પોલીસ ઈન્સ્પેક્ટરને પણ સસ્પેન્ડ કરાયા છે. મનપાના ૨ ટાઉન પ્લાનિંગ ઓફિસર, બે પોલીસ ઈન્સ્પેક્ટર, મ્યુનિસિપલ કોર્પોરેશનના બે ટાઉન પ્લાનિંગ ઓફિસરોનો સમાવેશ થાય છે.જેમાં કાર્યપાલક ઈજનેર એમ.આર.સુમા તથા તત્કાલીન મદદનીશ ઈજનેર પારસ.કોઠિયા અને બે પોલીસ ઈન્સ્પેક્ટરને પણ સસ્પેન્ડ કરાયા છે. PI વી.આર.પટેલ અને એન.આઈ.રાઠોડ તથા મનપાના ૨ ટાઉન પ્લાનિંગ ઓફિસરમાં આસિ. ટાઉન પ્લાનર ગૌતમ જોશી તથા આસિ. એન્જિનિયર જયદીપ ચૌધરી સસ્પેન્ડ કરાયા છે. રાજકોટ શહેરના માર્ગ મકાન વિભાગના તત્કાલીન મદદનીશ ઈજનેર અને હાલ નાયબ કાર્યપાલક ઈજનેર પારસ.એમ.કોઠિયાને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.રાજકોટ મહાનગરપાલિકાની ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસના સ્ટેશન ઓફિસર રોહિત વિગોરાને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.આગ દુર્ઘટનામાં જવાબદાર કુલ સાત અધિકારીઓ સામે ફરજ મોકૂફીની કાર્યવાહી કરવામાં આવી છે. સમગ્ર ઘટનાને લઈ રાજય સરકાર દ્વારા SITની નિમણુંક કરવામાં આવી છે અને તેના અધ્યક્ષ IPS સુભાષ ત્રિવેદી છે. ગત રાત્રે SITની ટીમ દ્વારા રાજકોટ પોલીસ કમિશનર અને રાજકોટ મ્યુનિ. કમિશનરની પૂછપરછ કરવામાં આવી છે.

### ગેમ ઝોનના માલિક અને મેનેજરની ધરપકડ કરવામાં આવી

રાજકોટની ગેમઝોનનની ગોઝારી દુર્ઘટનામાં યુવરાજસિંહ, પ્રકાશ જૈન સહિત છ આરોપી સામે તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે. આ ઘટનામાં રાજ્ય સરકારે ૭ ઓફિસર સસ્પેન્ડ કર્યા છે. ગેમ ઝોનના માલિક અને મેનેજરની ધરપકડ કરવામાં આવી છે. અન્ય આરોપી સામે લૂક આઉટ નોટિસ જાહેર કરી છે. સીસીટીવી મેળવવામાં આવ્યા છે. પ્રાથમિક રીતે આગ લાગવાનું કારણ વેલ્ડિંગના તણખા છે. આજે બે આરોપીઓ યુવરાજસિંહ અને નિતીન જૈનને કોર્ટમાં રજૂ કરવામાં આવનાર છે. આગકાંડમાં હજુ ચાર આરોપીઓ ગિરફ્તથી દૂર છે. આજે હાઇકોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી છે. અરજદાર અમીત પંચાલ, રાજ્યના સરકારી વકીલ, જુદી જુદી મ્યુનિસિપલ કોર્પોરેશનના સરકારી વકીલ, અમદાવાદ ફાયર વિભાગના અધિકારીઓ કોર્ટ રૂમમાં પહોંચ્યા હતા. જજ બીરેન વૈષ્ણવ અને દેવેન દેસાઈ ડાયસ ઉપર આવ્યા હતા.સુનાવણી દરમિયાન કોર્ટે કહ્યું કે, આ ઘટનાથી દરેક મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનરોની જવાબદારી નક્કી કરવી પડે, સુપ્રીમ કોર્ટ અને હાઇકોર્ટના આદેશોનું પાલન થઈ રહ્યું નથી, રાજ્ય સરકાર આગની ઘટનાઓ અટકાવવાનું કામ કરે. મુખ્યમંત્રીની ઘટનાસ્થળે વિઝીટ બાદ FIR થઈ છે. લોકોને પોતાના કુટુંબના સભ્યો મળતા નથી. ૧૮ મહિનાથી ચાલતા ગેમ ઝોન ઉપર ઇસ્ઝ અધિકારીઓએ આંખ આડા કાન કર્યા છે. રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે હાલ મોટી સંખ્યામાં મૃતકોના પરિજનો મૃતદેહ લેવા માટે તળવળી રહ્યાં છે. આ વચ્ચે પરિવારજનોને સ્વજનોના મૃતદેહ ન મળતાં રોષે ભરાયા હતાં. પોલીસ અને લોકો વચ્ચે રકજક થઈ હતી. જેમાં મૃતકના પરિજને કહ્યું હતું કે, જીવ તો લઇ લીધો, હવે મૃતદેહ તો આપી દો. અમે અહીં પૈસા લેવા માટે નથી આવ્યાં. ગેમ ઝોન અગ્નિકાંડમાં વધુ એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે. ગોંડલના રાહુલ રાઠોડની ધરપકડ કરવામાં આવી છે. વહેલી સવારે રાહુલ રાઠોડ રાજકોટ ક્રાઇમ બ્રાન્ચમાં હાજર થયો છે. પ્રાથમિક દ્રષ્ટિએ રાહુલ રાઠોડ નામના ભાગીદારની દેખરેખ હેઠળ વેલ્ડિંગની કામગીરી થઇ રહી હતી. આગમાં તેની બેદરકારી કહી શકાય.

### ત્રણ આરોપીઓને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા

## રાજકોટ આગકાંડમાં 3 આરોપીના ૧૪ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા

। (એજન્સી) રાજકોટ, તા.૨૭ ।



રાજકોટ આગકાંડમાં ૨૮ લોકોના મોત થયા છે. આગકાંડના મુખ્ય આરોપીઓને આજે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. કોઈપણ સેફ્ટી વગર ગેમઝોન ચલાવતા ત્રણ આરોપીઓને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. યુવરાજ સિંહ સોલંકી, નીતિન જૈન અને રાહુલ રાઠોડને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. આરોપીઓના ૧૪ દિવસના રિમાન્ડની માંગ કરવામાં આવી હતી. સરકારી અને બચાવ પક્ષના વકીલોની દલીલો બાદ કોર્ટે ૧૪ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. રાજકોટમાં આવેલા ટીઆરપી મોલમાં ગેમઝોનમાં શનિવારે સાંજના સમયે આગ લાગી હતી. આ આગમાં ૨૮ લોકોના મોત થયા હતા. આગ એટલી ભયાનક હતી કે મૃતદેહોની ઓળખ કરવા માટે ડીએનએ ટેસ્ટ કરવામાં આવી રહ્યાં છે. આ કેસમાં કુલ છ આરોપીઓ સામે કેસ દાખલ કરવામાં આવ્યો હતો. જેમાં ત્રણ આરોપીઓ ફરાર છે. કોર્ટમાં સરકારી વકીલ તરફથી દલીલો કરવામાં આવી હતી. સરકારી વકીલોએ કહ્યું કે ૨૮ લોકોના મોત છતાં આરોપીઓના મોઢા પર શરમ નથી. પોલીસને એકેય પ્રશ્નોના જવાબ આરોપીઓએ આપ્યા નથી. સરકારી વકીલે કહ્યું કે ગેમિંગ ઝોનમાં કેટલા લોકો કામ કરતા હતા જેનો જવાબ મળ્યો નથી. FSL અધિકારીઓએ તપાસ કરી જ્યાં માનવ અવશેષો મળી આવ્યા છે. આરોપીઓને સીસીટીવી દેખાડવામાં આવ્યા છતાં તેના કર્મચારીઓને ઓળખી શક્યા નથી.

### વાવાઝોડા 'રેમલ'એ મચાવી તબાહી

## ભારે વરસાદ અને પવનથી વૃક્ષો ઉખડી ગયા, અનેક ટ્રેનો રદ

### એનડીઆરએફની ટીમે રાતોરાત તેને કાપીને વરસાદ વચ્ચે રસ્તા પરથી હટાવીને રસ્તો સાફ કર્યો છે

। (એજન્સી) કોલકાતા, તા.૨૭ ।



વાવાઝોડા રેમલને કારણે ભારે વરસાદ અને ભારે પવન ફુંકાઇ રહ્યો છે. કોલકાતાના અલીપોરથી પશ્ચિમ બંગાળ સુધીના ઘણા વિસ્તારોમાં વૃક્ષો ધરાશાયી થયા છે. એનડીઆરએફની ટીમે રાતોરાત તેને કાપીને વરસાદ વચ્ચે રસ્તા પરથી હટાવીને રસ્તો સાફ કર્યો છે. વાવાઝોડા રેમલ પશ્ચિમ બંગાળમાં તબાહી મચાવી છે. જે બાદ વાવાઝોડાનો કહેર સર્વત્ર જોવા મળી રહ્યો છે. તેની અસરને કારણે પશ્ચિમ બંગાળમાં બીરભૂમ, નાદિયા, બાંકુરા, પૂર્વ બર્દવાન, પૂર્વ મેદિનીપુર, ઉત્તર ૨૪ પરગણા, દક્ષિણ ૨૪ પરગણા, કોલકાતા, બિધાનનગરના વિવિધ સ્થળોએ ભારે વરસાદ થયો હતો. અલીપુર, સાગર ટાપુ, કાલીઘાટમાં સતત વરસાદ થઈ રહ્યો છે.

બંગાળમાં ભારે વરસાદ અને જોરદાર પવનને કારણે તબાહી સર્જાઈ હતી, અનેક વૃક્ષો તૂટી પડ્યા હતા, સતત વરસાદને કારણે રસ્તાઓ પાણીથી ભરાઈ ગયા હતા. જે બાદ NDRFની ટીમે રાહત અને બચાવ કાર્ય શરૂ કરી દીધું છે. ટ્રાફિક જાળવવા માટે એનડીઆરએફની ટીમે વરસાદ વચ્ચે સાગર બાયપાસ રોડ પાસે પડેલા વૃક્ષને રોડ પરથી હટાવી દીધું હતું. કોલકાતાના અલીપોરમાં પણ ભારે વરસાદ અને ભારે પવન વચ્ચે વિશાળ વૃક્ષો જમીન પર પડ્યા હતા, જેને NDRFની ટીમે રાતોરાત કાપી નાખ્યા હતા અને વરસાદ વચ્ચે રસ્તા પરથી હટાવીને રસ્તો સાફ કર્યો હતો.

રેમલ વાવાઝોડાની શું થઈ અસર? પશ્ચિમ બંગાળ અને પૂર્વોત્તર રાજ્યોમાં ભારે વરસાદ પડી રહ્યો છે. કોલકાતામાં આખી રાત વરસાદ ચાલુ રહ્યો હતો. ભારે પવનને કારણે અનેક વિસ્તારોમાં વૃક્ષો પડી ગયા હતા. આ વાવાઝોડાથી બંગાળનું સુંદરબન સૌથી વધુ પ્રભાવિત થયું છે. ઈસ્ટર્ન અને સાઉથ ઈસ્ટર્ન રેલવેએ ઘણી ટ્રેનો રદ કરી છે. ભારે વરસાદથી સમસ્યા સર્જાઇ રહી છે,ભારે પવન સમસ્યામાં વધારો કરી રહ્યો છે. ભારે વરસાદ અને પવનના કારણે રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા હતા અને અનેક વૃક્ષો તૂટીને રસ્તાઓ પર પડ્યા હતા. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ખતરનાક ચક્રવાતી વાવાઝોડું ''રેમલ'' પશ્ચિમ બંગાળના સાગર ટાપુઓથી લગભગ ૧૧૦ કિમી પૂર્વમાં ઉત્તર બંગાળની ખાડીમાં ત્રાટક્યું છે, તે લગભગ ઉત્તર તરફ આગળ વધશે અને બાંગ્લાદેશના સાગર ટાપુઓ અને ખેપુપારા અને તેની આસપાસના પશ્ચિમ બંગાળ વચ્ચે લેન્ડફોલ કરશે. બંગાળના કિનારા પાર કરશે. તે આગામી ૩ કલાકમાં મોંગલા (બાંગ્લાદેશ) તરફ આગળ વધશે.

### અરવિંદ કેજરીવાલે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી

## તબીબી આધાર પર જામીન સાત દિવસ વધારવા કેજરીવાલની માગ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરીને તબીબી આધાર પર તેમના જામીન ૭ દિવસ વધારવાની માંગ કરી હતી.આમ આદમી પાર્ટી (AAP) એ અરજીમાં જણાવ્યું હતું કે મુખ્ય પ્રધાનને કેટલાક તબીબી પરીક્ષણો કરાવવાની જરૂર છે અને આ હેતુ માટે, વચગાળાની જામીન, જે ૧ જૂનના રોજ સમાપ્ત થઈ રહી છે, તેને લંબાવવામાં આવે. ''દિલ્હીના સીએમ કેજરીવાલને પીઈટી-સીટી સ્કેન અને અન્ય ટેસ્ટ કરાવવા પડશે. કેજરીવાલે તપાસ કરાવવા માટે ૭ દિવસનો સમય માંગ્યો હતો, એમ આમ આદમી પાર્ટીએ જણાવ્યું હતું. સુપ્રીમ કોર્ટે ૧૦ મેના રોજ તેમને ૨૧ દિવસ માટે વચગાળાના જામીન આપ્યા હતા જેથી તેઓ લોકસભાની ચૂંટણી માટે પ્રચાર કરી શકે.

### જેસલમેર બોર્ડર પર BSF જવાન શહીદ

## કાળજાળ ગરમીમાં હિટ્સ સ્ટ્રોકથી જવાનનો ગયો જીવ

। (એજન્સી) જેસલમેર, તા.૨૭ ।

ભારત અને પાકિસ્તાન વચ્ચે જેસલમેર બોર્ડર પર બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF) નો એક જવાન શહીદ થયો છે. શહીદ થયેલા જવાનની ઓળખ અજય કુમાર તરીકે થઈ છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે જેસલમેર બોર્ડર પર બોર્ડર સિક્યુરિટી ફોર્સનો એક જવાન શહીદ થયો છે. શહીદ થયેલા જવાનની ઓળખ અજય કુમાર તરીકે થઈ છે. કહેવામાં આવી રહ્યું છે કે સૈનિકનું નિધન હીટ સ્ટ્રોકના કારણે થયું છે. હાલ દેશભરમાં આકરી ગરમી જોવા મળી રહી છે. તેની અસર રણ પાસેની સરહદ પર પણ જોવા મળી રહી છે, જ્યાં તાપમાન ૫૫ ડિગ્રીથી ઉપર ગયું છે. આ કાળઝાળ ગરમીના કારણે બીએસએફના જવાનો પણ પરેશાન છે. અજય કુમારને ૨૬ મેના રોજ બોર્ડર પોસ્ટ ભાનુ પર તૈનાત કરવામાં આવ્યા હતા. કાળઝાળ ગરમીના કારણે તેમની તબિયત લથડી હતી. આ પછી તેમને સારવાર માટે રામગઢ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. સૈનિકનું આજે એટલે કે સોમવારે (૨૭ મે) સવારે હોસ્પિટલમાં મોત થયું હતું. શહીદ જવાનને રામગઢ હોસ્પિટલ પરિસરમાં ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. આ દરમિયાન ૧૭૩મી કોર્પ્સ બોર્ડર સિક્યુરિટી ફોર્સના અધિકારીઓએ પણ સૈનિકને ફૂલ ચક્ર અર્પણ કરીને શ્રદ્ધાંજલિ આપી હતી.

## ઇઝરાયેલે રફાહમાં હવાઇ હુમલો કર્યો, હવાઇ હુમલામાં ૩૫ લોકો માર્યા ગયા

### ગાઝાના સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું કે ઇઝરાયેલના હુમલામાં અત્યાર સુધીમાં લગભગ ૩૬,૦૦૦ પેલેસ્ટિનિયન માર્યા ગયા છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।



ઈઝરાયેલે ફરી એકવાર રફાહમાં હમાસની જગ્યા પર હુમલો કર્યો છે. પેલેસ્ટિનિયન હેલ્થ એન્ડ સિવિલ ઈમરજન્સી સર્વિસના અધિકારીએ દાવો કર્યો છે કે ઈઝરાયેલી સેનાના આ હુમલામાં ઓછામાં ઓછા ૩૫ પેલેસ્ટિનિયન માર્યા ગયા છે અને ઘણા ઘાયલ થયા છે.હુમલા અંગે માહિતી આપતાં પેલેસ્ટિનિયન હેલ્થ એન્ડ સિવિલ ઈમરજન્સી સર્વિસના અધિકારીએ જણાવ્યું કે ઈઝરાયેલની સેનાએ દક્ષિણ ગાઝા પટ્ટીમાં રફાહ શહેરના એક વિસ્તારમાં હવાઈ હુમલો કર્યો છે. હુમલામાં ૩૫ પેલેસ્ટિનિયન માર્યા ગયા હતા અને ઘણા ઘાયલ થયા હતા.તે જ સમયે, ઈઝરાયેલની સેનાએ કહ્યું કે તેની વાયુસેનાએ રફાહમાં હમાસના એક અડ્ડા પર હુમલો કર્યો અને આ હુમલો ચોક્કસ દારૂગોળો અને સચોટ ગુપ્ત માહિતીના આધારે કરવામાં આવ્યો.ગાઝાના હમાસ સંચાલિત આરોગ્ય મંત્રાલયના પ્રવક્તા અશરફ અલ-કિદ્રાએ જણાવ્યું હતું કે હુમલામાં ૩૫ લોકો માર્યા ગયા હતા અને ડઝનેક અન્ય લોકો ઘાયલ થયા હતા, જેમાં મોટાભાગની મહિલાઓ અને બાળકો હતા. આ હુમલો પશ્ચિમી રફાહના તેલ અલ-સુલતાન વિસ્તારમાં થયો હતો, જ્યાં હજારો લોકો આશ્રય લઈ રહ્યા હતા. કારણ કે શહેરના પૂર્વ વિસ્તારોમાંથી ઘણા લોકો ભાગી ગયા હતા, જ્યાં બે અઠવાડિયા પહેલા ઈઝરાયલી સુરક્ષા દળોએ જમીન પર હુમલો કર્યો હતો. રેડ ક્રોસની ઈન્ટરનેશનલ કમિટીનું કહેવું છે કે રફાહમાં તેઓ ચલાવતી ફિલ્ડ હોસ્પિટલમાં મોટી સંખ્યામાં જાનહાનિ આવી રહી છે અને અન્ય હોસ્પિટલોમાં પણ ઘણા દદીઓ આવી રહ્યા છે. એજન્સીએ એક સ્થાનિકને ટાંકીને જણાવ્યું હતું કે હવાઈ હુમલામાં તંબુ બળી ગયા હતા, જે પીગળી રહ્યા હતા અને લોકોના શરીર પર પડી રહ્યા હતા.



### શાળાઓમાં ફાયર સેફ્ટીની સુવિધા નથી

# રાજકોટ અગ્નિકાંડ બાદ સ્કૂલોમાં પણ ફાયર સેફ્ટીના મુદ્દા ઊઠ્યા

## સુરત શિક્ષણ સમિતિના પ્રાતમિક શિક્ષણ મંડળે પત્ર લખ્યું કે, હજુ પણ ઘણી સ્કૂલોમાં ફાયર સેફ્ટી સુવિધા નથી

| (એજન્સી) સુરત, તા.૨૭ |



રાજકોટના ટીઆરપી ગેમ ઝોનમાં આગની દુર્ઘટના બાદ સુરત મહાનગર પાલિકાએ પણ ગેમ ઝોનની તપાસ શરૂ કરી હતી અને ૧૦ જેટલા ગેમ ઝોન બંધ કરાવ્યા છે. પરંતુ આ કામગીરી વચ્ચે સુરત પાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓમાં ફાયર સેફ્ટીનો મુદ્દો ફરી ઉઠ્યો છે. વર્ષ ૨૦૧૯ની તક્ષશિલા દુર્ઘટના બાદ પણ સમિતિની કેટલીક શાળાઓમાં હજી ફાયર સેફ્ટીની સુવિધા ન હોવાની લેખિત ફરિયાદ પ્રાથમિક શિક્ષક મંડળે મ્યુનિસિપલ કમિશનરને કરી છે. આ ફરિયાદ સાથે જ મ્યુનિસિપલ કમિશનરે શાળાઓની એન.ઓ.સી.ની વિગત મંગાવી લીધી છે.

સુરતમાં ૨૪મી મે ૨૦૧૯માં સરથાણા તક્ષશિલા દુર્ઘટના બાદ સુરત પાલિકાએ આખા શહેરના ફાયર સેફ્ટીની ચકાસણી કરી હતી. ફાયર સેફ્ટી ન હોય તેવી મિલકતમાં નોટિસ આપી હતી. જો કે, આ દુઃખદ ઘટના અને પાંચ વર્ષ બાદ રાજકોટમાં બનેલી ગેમ ઝોનની દુર્ઘટના પછી સુરત શિક્ષણ સમિતિના પ્રાતમિક શિક્ષણ મંડળે મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખ્યો છે, જેમાં લખ્યું છે કે, 'સુરત પાલિકાની કેટલીક શાળાઓમાં જ ફાયર સુવિધા ઊભી કરવામાં આવી નથી.'

સુરત શિક્ષણ સમિતિના પ્રાતમિક શિક્ષણ મંડળે પત્ર લખ્યું કે, 'હજુ પણ ઘણી સ્કૂલોમાં ફાયર સેફ્ટી સુવિધા નથી તેમજ ફાયર ર્દ્રઝ પણ લીધું નથી. આ માટે માત્ર મુખ્ય શિક્ષક/આચાર્યએ બાળકોની સુરક્ષાને પ્રાથમિકતા અને મહત્ત્વ આપી તાત્કાલિક આ કામગીરી કરવામાં આવે તે જરૂરી છે. આ ઉપરાંત ફાયર સેફ્ટીની સુવિધા ઊભી કરવાની જવાબદારી શાળાના મુખ્ય શિક્ષક કે આચાર્ય ને સોંપવામાં આવે. તક્ષશિલાની દુઃખદ દુર્ઘટના પછીથી વારંવાર લિખિત/મૌખિક રીતે શિક્ષણ સમિતિની તમામ સ્કૂલોને નીતિનિયમો મુજબ ફાયર સેફ્ટી સુવિધાથી સજ્જ કરી ફાયર NOC મેળવવાનું રહેશે. હકીકતમાં લગભગ તમામ મકાન પાલિકાના પોતાના છે. તેમજ મુખ્ય શિક્ષક કે આચાર્યની સત્તાઓ, સ્કૂલોને મળતી ગ્રાન્ટ, ફાયર સેફ્ટી સુવિધા માટેનો ખર્ચ અને ફાયર NOC મેળવવા માટેની પ્રક્રિયા જોતા મુખ્ય શિક્ષક/આચાર્યની કક્ષાએ આ કાર્યવાહી શક્ય નથી. જેના કારણે આ કામગીરી સ્કૂલ બોર્ડ દ્વારા જ કરવામાં આવે તે જરૂરી છે. પ્રાથમિક શિક્ષણ મંડળના આ પત્ર બાદ તાત્કાલિક પાલિકા કમિશનરે શાળાઓની એનઓસીની વિગતો મંગાવી હોવાનું મંડળ દ્વારા જણાવવામાં આવ્યું છે.

### તાજેતરમાં બનેલી ઘટના બાદ સુરતમાં પોલ ખુલી

# સુરત શહેરના પાંચ મોટા ગેમઝોનમાં બીયુ પરમિશન નહીં

## ગેમઝોનના માલિકોએ રાતો રાત ફાયર સેફ્ટીના સાધનો ગોઠવ્યા : રાજકોટ અગ્નિકાંડ બાદ સુરત પાલિકા દોડતું થયું

| (એજન્સી) સુરત, તા.૨૭ |



રાજકોટ અગ્નિકાંડમાં ટીઆરપી ગેમ ઝોનના માલિકોની ભૂલ અને પાલિકા તંત્ર-પોલીસ અધિકારીઓની બેદરકારીને કારણે ૨૮ લોકોએ જીવ ગુમાવ્યો છે, ત્યારે ફાયર સેફ્ટીના સાધનો મામલે સુરતના ગેમ ઝોન માલિકોએ પણ દોડધામ શરૂ કરી દીધી છે. રાજકોટના અગ્નિકાંડ બાદ સુરતના અધિકારીઓ જાગ્યા હોય તેમ શહેરના તમામ ગેમ ઝોન પર તપાસ આદરી છે.

બીજી તરફ એક ગેમ ઝોન માલિકો રાતોરાત ફાયર સેફ્ટીના સાધનો મુક્યા હોવાનું પણ સામે આવ્યું છે. આ ઉપરાંત પાંચ મોટા ગેમ ઝોન પાલિકાની બી.યુ.પરમિશન વિના જ ચાલતા હોવાની પણ વિગતો સાંપડી છે. આમ, રાજકોટના અગ્નિકાંડ પછી અન્ય શહેરોમાં પણ ફાયર સેફ્ટીને લગતા મુદ્દાની પોલ ખૂલવા માંડી છે.

રાજકોટ અગ્નિકાંડ બાદ સુરત પાલિકા તંત્ર દોડતું થયું છે અને શહેરમાં ચાલતા ગેમ ઝોનની તપાસ કરી ૧૦ જેટલા ગેમ ઝોનમાં વિવિધ ખામી જણાતા બંધ કરાવી દેવાયા છે. આ દિશામાં પાલિકાના અધિકારીઓ-કર્મચારીઓની પણ ગંભીર બેદરકારી બહાર આવી છે, જેમાં પાંચેય ગેમ ઝોન પાલિકાની બિલ્ડિંગ યુઝ પરમિશન વિના જ ધમધમતા હોવાનું ધ્યાને આવ્યું છે. રાજકોટમાં ગત શનિવારે સાંજે એક ગેમ ઝોનમાં લાગેલી આગમાં ૨૮ લોકોએ જીવ ગુમાવતા લોકોનો રોષ ફાટી નીકળ્યો હતો. આ દુર્ઘટના બાદ સુરત પાલિકા તંત્ર જાગ્યું છે અને શનિવારે રાત્રિથી રવિવારે મોડી સાંજ સુધી શહેરમાં ચાલતા ગેમ ઝોનમાં ચકાસણી કરી હતી અને ૧૦ ગેમ ઝોન બંધ કરાવ્યા હતા. આશ્ચર્યની વાત એ છે કે, આ પૈકી પાંચ ગેમ ઝોન પાસે પાલિકાની બી.યુ. પરમિશન જ ન હતી. બીજી તરફ કેટલાક ગેમ ઝોનના માલિકોએ રાતોરાત ફાયરના સાધનો ખરીદી પાલિકા અને લોકોની આંખમાં ધૂળ નાંખવાનો પ્રયાસ કર્યો છે. ગેમ ઝોન અને અન્ય સંસ્થામાં ફાયર સેફ્ટી મામલે કાર્યવાહી થાય તે પૂર્વે કેટલાક ગેમ ઝોનના માલિકોએ રાતોરાત ફાયર સેફ્ટીના સાધનો ખરીદીને ગેમ ઝોન બહાર ગોઠવી દઈ ફાયર સેફ્ટીની સુવિધા પહેલાથી જ હોવાનો માહોલ ઊભો કરવાનો પ્રયાસ કર્યો છે. જો કે તેના પર દર્શાવેલી તારીખથી જ ખબર પડી જાય છે કે, આ તમામ સાધનો રાતોરાત ખરીદવામાં આવ્યા છે. સુરત પાલિકા અને અન્ય અધિકારીઓની ટીમ દ્વારા ગેમ ઝોનની તપાસ કરાઈ હતી, જેમાં ૬ ગેમ ઝોનમાં ફાયર સેફ્ટી ન હોવાનું બહાર આવ્યું છે. જ્યારે એક ગેમ ઝોનમાં ફાયર સેફ્ટીના તમામ સાધનો છે એવું દર્શાવાયું છે. જો કે ત્યાં ફાયર સેફ્ટીના જે સાધનો મુકાયા છે તેમાં આજની તારીખ સ્પષ્ટ હોવાથી રાતોરાત સાધનો મુકાયા હોવાની પોલ ખૂલી ગઈ છે.

## NDRFની ટીમ દ્વારા આ ગુમ થયેલા લોકોની શોધખોળ

| (એજન્સી) રાજકોટ, તા.૨૭ |

નાના મોવા રોડ પર આવેલા TRP ગેમઝોનમાં લાગેલી આગમાં અત્યાર સુધીમાં ૩૩ લોકોના મોત થયા હોવાની વાત સામે આવી છે. તેમાંથી ૨૮ લોકોના બળીને ખાખ થયેલા મૃતદેહો મળી ગયા છે, પરંતુ હજુ પણ અનેક લોકો મળ્યા નથી. આથી, ગેમઝોન ખાતે NDRFની ટીમ દ્વારા આ ગુમ થયેલા લોકોની શોધખોળ કરવામાં આવી રહી છે. જણાવી દઈએ કે, અગ્નિકાંડના ઘટના સ્થળેથી NDRFનું સર્ચે શરૂ કરવામાં આવ્યું હતું. જેમાં ટીમને માનવ અવશેષો સાથે અનકે વસ્તુઓ પણ મળી છે. જેમાં, કોઈનું કડું, ઘડિયાળ, વીંટી સહિતની વસ્તુઓ હાથ લાગી છે. આ સાથે જ અનેક લોકોના બળીને ખાખ થયેલા અવશેષો પણ મળી આવ્યા છે. આ ગોઝારી ઘટનામાં અત્યાર સુધીમાં ૩૨ લોકોના મોત થયા હોવાની વાત સામે આવી છે. જેમાં નાના બાળકોથી લઈને મોટી ઉંમરના લોકોનો સમાવેશ થઈ રહ્યો છે. આ ઘટના સામે આવતા સમગ્ર દેશમાં શોકનો માહોલ જોવા મળી રહ્યો છે. હજુ પણ જે લોકો મળ્યા નથી, તેની શોધખોળ કરવામાં આવી રહી છે. ઘટના સ્થળ પર NDRFની ટીમ દ્વારા આ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. સ્થળ પર એક પછી એક અવશેષો મળવાથી વિચલિત દ્રશ્યો સામે આવ્યા છે.

### રાજ્યમાં આગની ઘટનામાં વધારો

# ગુજરાતમાં પાંચ વર્ષમાં આગની વિવિધ ઘટનામાં ૩૧૭૬ના મોત

## ગુજરાત રાજ્યમાં આગથી થતા અકસ્માતમાં થતા મૃત્યુના આંકડા ચોંકાવનારા

| (એજન્સી) રાજકોટ, તા.૨૭ |

રાજકોટમાં TRP ગેમ ઝોનમાં આગ લાગતા ૨૮ લોકોના મોત થયા છે. ગુજરાતમાં આગને કારણે NCRBનો જે ડેટા સામે આવ્યો છે તેમાં ચિંતાજનક અને ચોકાવનારા ખુલાસા થયા છે. રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં આગને કારણે ૩૧૭૬ લોકોના મોત થયા હોવાનો NCRBના ડેટામાં ખુલાસો થયો છે. રાજ્યમાં આગની ૩૧૦૦થી વધુ ઘટના બની છે.

ગુજરાતમાં આગથી થતા અકસ્માતમાં થતા મૃત્યુના આંકડા ચોંકાવનારા અને ચિંતાનજક છે. NRCB દ્વારા આગથી થતા અકસ્માતમાં વર્ષ ૨૦૧૮થી ૨૦૨૨ દરમિયાન આગને કારણે ૩૧૭૬ લોકોના મોત થયા છે. છેલ્લા પાંચ વર્ષમાં આગથી થતા અકસ્માતની ૩૧૦૦ ઘટનાઓ બની છે. વર્ષ ૨૦૨૧ અને ૨૦૨૨માં આગથી થતા અકસ્માતની ૭૨૯ ઘટનાઓ બની છે. બે વર્ષમાં આગથી થતા અકસ્માતમાં ૭૩૭ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે.

૨૫ મે-૨૦૨૪, TRP અગ્નિકાંડ, રાજકોટ : શનિવારે સાંજે નાના-મવા રોડ પર સ્થિત ગેમ ઝોનમાં આ દુર્ઘટના સર્જાઈ ત્યારે બાળકો સહિત ઘણા લોકો રમી રહ્યા હતા. આ માસૂમ બાળકોના માતા-પિતાને ક્યાં ખબર હતી કે, આ બાળકોનું હાસ્ય એક જ ક્ષણમાં ખતમ થઈ જશે. ભીષણ આગે ટીઆરપી ગેમ ઝોનની બે માળની ઈમારતને પોતાની લપેટમાં લઈ લીધી. ઉનાળાની રજાઓ અને વીકએન્ડના ધસારાને કારણે બિલ્ડિંગમાં અંદાજે ૩૦૦ લોકો હાજર હતા જેમાંથી વધુ પડતા બાળકો હતા. શોધ અને બચાવ કામગીરી ચાલુ છે, એક વ્યક્તિ હજુ પણ ગુમ છે. આ દુર્ઘટનામાં ૧૨ બાળકો સહિત ૩૫ લોકોના મોત થઈ ગયા છે. ૩૦ ઓક્ટોબર ૨૦૨૨, બ્રિજ દુર્ઘટના, મોરબી : ૩૦ ઓક્ટોબરના રોજ મોરબી બ્રિજ દુર્ઘટનામાં ૧૩૫ લોકોએ જીવ ગુમાવ્યા હતા. કોને ખબર હતી કે એક પુલ થોડી જ સેકન્ડમાં એવી રીતે તૂટી જશે કે લોકોની ખુશી માતમમાં બદલાઈ જશે. મોરબી શહેરમાં રવિવારે સાંજે બનેલી ભયાનક ઘટના છેલ્લા ઘણા વર્ષોમાં ભારતમાં બનેલી સૌથી ખરાબ દુર્ઘટમાંથી એક છે. તેમાં ૧૩૫ લોકોના મોત થયા હતા, જેમાં મોટાભાગે મહિલાઓ, બાળકો અને વૃદ્ધો હતા. ૧૩૭ વર્ષ જૂનો ઝૂલતો પુલ માત્ર પાંચ દિવસ પહેલા સમારકામ બાદ ફરીથી ખુલ્લો મુકાયો હતો. ૧૮ જાન્યુઆરી ૨૦૨૩- હરણી બોટ દુર્ઘટના, વડોદરા : ૧૮ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ ગુજરાતના વડોદરાના હરણી તળાવમાં વિદ્યાર્થીઓથી ભરેલી બોટ પલટી જતાં ૧૪ વિદ્યાર્થી અને બે શિક્ષકો સહિત ૧૬ લોકોનાં મોત થયા હતા.

### તક્ષશિલામાં ભોગ બનનાર પરિવારે કરી માંગ

# અમને તો ન્યાય નથી મળ્યો, રાજકોટમાં પરિવારને ન્યાય મળે

## રાજકોટમાં ગેમઝોનમાં થયેલા આગકાંડે સુરતનો તક્ષશિલા અગ્નિકાંડની યાદો તાજી કરાવી દીધી છે

| (એજન્સી) સુરત, તા.૨૭ |

રાજકોટમાં ગેમઝોનમાં થયેલા આગકાંડના સમગ્ર ગુજરાતમાં પડઘા પડ્યા છે. આ ઘટનામાં અત્યાર સુધીમાં ૩૩ લોકોના મોત થયા છે. જેને લઈને આજે સુરતની તક્ષશીલા અગ્નિકાંડના પીડિત પરિવારો એકઠા થયા હતા. પરિવારને આજે ૫ વર્ષે પણ ન્યાય ન મળ્યો હોવાની વાત સામે આવી છે. રાજકોટમાં ગેમઝોનની દુર્ઘટના અંગે તક્ષશીલા અગ્નિકાંડના પીડિત પરિવારો એકઠા થઈને આગકાંડમાં ભોગ બનેલા પરિવારો માટે દુખ વ્યક્ત કર્યુ હતું. આ પરિવારોએ રાજકોટ કાંડમાં ભોગ બનેલા વ્યક્તિઓ પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. આ સાથે જ તેમણે જણાવ્યું કે, તક્ષશિલામાં ૫ વર્ષે બાદ પણ અમને ન્યાય મળ્યો નથી, પરંતુ રાજકોટમાં બનેલી ઘટનામાં ન્યાય મળે તેવી આશા રાખીએ છીએ. રાજકોટમાં ગેમઝોનમાં થયેલા આગકાંડે સુરતનો તક્ષશિલા અગ્નિકાંડની યાદો તાજી કરાવી દીધી છે. રાજકોટ જેવી જ ઘટના સુરતમાં ૫ વર્ષ પહેલા ઘટી હતી. ટ્યુશન ક્લાસિસમાં લાગેલી આગ અનેક માસુમોને ભરખી ગઈ હતી. જેમાં પોતાના વ્હાલસોયાને ગુમાવનાર પરિવારજનો આજે પણ એ આઘાતમાંથી બહાર આવી શક્યા નથી. ન્યુઝ૧૮ ગુજરાતી સાથેની વાતચીતમાં પરિવારજનોએ પોતાની આપવીતી વર્ણવી હતી. ભોગ બનનાર પરિવારજનોનું કહેવું છે કે, આજે પણ તેમને ઉંઘ નથી આવતી. દીકરીના છેલ્લા શબ્દો આજે પણ પિતાના કાનમાં ગુંજે છે. તંત્ર સામે આ પરિવારોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

### જિલ્લાના વિવિધ ગેમ ઝોન કરાયા બંધ

# રાજકોટની કરુણાતીકા બાદ નવસારી જિલ્લા તંત્ર એક્શનમાં

## નવસારી જિલ્લામાં ત્રણ જેટલા ગેમ ઝોનનું સર્વે કરાયું

| (એજન્સી) રાજકોટ, તા.૨૭ |

રાજકોટની કરુણાતીકાને પગલે સમગ્ર ગુજરાત સરકાર જાગી છે અને રાજ્યભરના વિવિધ ગેમ ઝોનમાં તપાસ હાથ ધરવામાં આવી છે. નવસારી જિલ્લા તંત્ર પણ નવસારી જિલ્લામાં ગેમ ઝોનમાં તપાસ કરવા માટે ટીમો બનાવી છે અને વિવિધ ગેઈન ઝોનમાં ચકાસણી આધારિત છે. નવસારી જિલ્લામાં ત્રણ જેટલા ગેમ ઝોનનું સર્વે કરવામાં આવ્યું છે અને ત્યાં સુરક્ષા વ્યવસ્થા તેમજ ફાયર વિભાગની સુવિધાઓ તથા એક્ઝિટ માટેના દરવાજાઓ છે કે કેમ એ બાબતે તપાસ કરવામાં આવી છે. ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૨૫/૦૫/૨૦૨૪ ના પત્ર અન્વયે રાજકોટ શહેરના ટી.આર.પી. મોલ ખાતેના ગેમીંગ ઝોનમાં આકસ્મિક આગ લાગતા બાળકો સહિત કુલ ૨૮ જેટલા લોકોનુંનું દુઃખદ મૃત્યુ થવા પામ્યું છે. આ પ્રકારની ગંભીર ઘટનાઓ અટકાવી શકાય તે હેતુથી નવસારી જિલ્લામાં જિલ્લા કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ ક્ષિપ્રા એસ. આગ્રેની સૂચનાથી નવસારી જિલ્લામાં જયાં જયાં ગેમ ઝોનનું સંચાલન કરવામાં આવતું હોય તે સંબંધમાં તાત્કાલિક ધોરણે નીચે મુજબના મુદ્દાઓની ચકાસણી કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી.

**તપાસને લગતા વિવિધ મુદ્દા**

- ગેમીંગ ઝોનની મંજૂરી આપવામાં આવેલ છે કે કેમ,
- ગેમીંગ ઝોનની મંજૂરી આપતી વખતે કઈ-કઈ બાબતો ધ્યાને લેવામાં આવે છે,
- ગેમીંગ ઝોનના બાંધકામ બાબતે સ્થાનિક તંત્રની મંજૂરી મેળવવામાં છે કે કેમ તેમજ બાંધકામ નિયમાનુસાર કરવામાં આવેલ કે કેમ,
- આ સંબંધમાં ફાયર વિભાગની એન.ઓ.સી. મેળવવામાં આવેલ છે કે કેમ,
- ગેમીંગ ઝોનમાં ફાયર સેફટી તેમજ આકસ્મિક સંજોગોમાં રાહત અને બચાવ માટેની શું વ્યવસ્થા ઉપલબ્ધ છે,
- ગેમીંગ ઝોનમાં ઈમરજન્સી એકઝીટ માટેની વ્યવસ્થા,
- સંબંધિત ઓથોરીટી દ્વારા સમયાંતરે ચકાસણી કરવામાં આવે છે કે કેમ.
- ચકાસણીના સંદર્ભે જિલ્લામાં આવી કોઈ ગંભીર ઘટના ન બને તે હેતુથી નીચેની યાદીમાં જણાવેલ નવસારી જિલ્લામાં કાર્યરત ગેમ ઝોન્સ તાત્કાલિક અસરથી બંધ કરાવવામાં આવેલ છે.
- ફનકીડો – સ્થળ: એફ/૫૩-૫૬, પહેલો માળ, ધ વિલ્સન પોઈન્ટ, વિશાલનગરની સામે, ઈટાળવા, તા.જી.નવસારી

### કયા પાપીઓના કારણે બની રાજકોટના ટીઆરપી ગેમઝોનમાં આગની ઘટના ?

# રાજકોટની કરુણાતીકાને પગલે સમગ્ર ગુજરાત સરકાર જાગી, રાજ્યભરના વિવિધ ગેમિંગ ઝોનોમાં તપાસ હાથ ધરવામાં આવી

રાજકોટમાં આવેલા ટીઆરપી ગેમઝોનમાં થયેલા અગ્નિકાંડને લઈ ગુજરાત સહિત દેશના દરેક લોકોના હૃદય થંભી ગયા છે. આ ઘટનામાં માસૂમ બાળકો, મહિલાઓ, TRP Game Zone ના કર્મચારી અને યુવાનો વિકરાળમાં હોમાયા છે. આ ઘટનામાં આશરે ૩૩ લોકોના મોતનો આંકડો સામે આવ્યો છે. ત્યારે રાજકોટ સિવિલ હોસ્પિટલની અંદર મૃતદેહોની કતાર જોવા મળી રહી છે. તે ઉપરાંત આશરે ૩૦ જેટલા લોકો પોતાના સ્વજનોને હજુ પણ ઘટનાસ્થળ અને સિવિલ હોસ્પિટલમાં શોધી રહ્યા છે. ભોગ બનાનાર પરિવારમાં પણ માતમનો માહોલ છવાયો છે. પરિવારની એક જ માંગ છે કે, પોતાની દીકરી-સંતાન કે પરિજન પરત આવે. પરંતુ તેમને કોણ સમજાવે કે, તેમને આગ ભરખી ગઈ છે અને હવે તે પાછા ક્યારેય પરત નહીં ફરે.

આ કરુણ ઘટના બાદ રાજકોટ કલેક્ટર અને અધિકારીઓ સિવિલ હોસ્પિટલમાં પહોંચ્યા હતા. એક પછી એક મૃતદેહ સિવિલ હોસ્પિટલ લાવવામાં આવતા સન્નાટો પ્રસરી ગયો છે. સમગ્ર દેશ અને શહેર સ્તબ્ધ છે. માલિક યુવરાજસિંહ સોલંકી અને બે મેનેજર યજ્ઞેશ પાઠક અને નીતિન જૈન સહિત દસની ધરપકડ કરવામાં આવી છે.

આ કેસમાં આઈપીએસ સુભાષ ત્રિવેદીના નેજા હેઠળ સ્પેશ્યલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી)ની રચના કરવામાં આવી છે. અમદાવાદ ચીફ ફાયર ઓફિસર પણ એસઆઈટીમાં સામેલ છે. હાલમાં મળતી માહિતી પ્રમાણે એસઆઈટી ના સભ્યો રાજકોટ જવા રવાના થઈ ગયા છે.

ટીઆરપી આગકાંડ મામલે સીએમ ભૂપેન્દ્ર પટેલે દુખ વ્યક્ત કર્યું છે અને સહાયની જાહેરાત કરી છે. સીએમએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરતા લખ્યું, રાજકોટમાં આગની દુર્ઘટના હૃદય કંપાવનારી છે. આ ઘટનામાં જીવ ગુમાવનાર વ્યક્તિઓ અને તેમના પરિવારજનો પ્રત્યે આત્મીય સંવેદના વ્યક્ત કરું છું. ઈજાગ્રસ્તો સત્વરે સાજા થાય તેવી ઈશ્વરને પ્રાર્થના કરું છું. આવી દૂર્ઘટનાઓ ક્યારે બંધ થશે તે સૌથી મોટો સવાલ છે.



રાજકોટ ગેમઝોન દુર્ઘટનાને લઈને રાજ્ય સહિત દેશના લોકોએ દુઃખ વ્યક્ત કરી તંત્રની બેદરકારીના કારણે નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યો હોવાના વસવસા સાથે રોષ વ્યક્ત કર્યો છે.

આ ગેમઝોનમાં અનેક મોટા અધિકારીઓ મુલાકાત લઈ ચુક્યા છે જેને લઈ અનેક સવાલો પણ ઉભા થઈ રહ્યાં છે. જો આ અધિકારીઓએ એકવાર સેફ્ટીની પણ ચકાસણી કરી લીધી હોત તો કદાચ આવો કાળો દિવસ ન આવત. પૂર્વ કલેક્ટર, પોલીસ કમિશનર,તત્કાલિન કલેક્ટર અરૂણ મહેશ બાબુ, તત્કાલિન મ્યુનિસિપલ કમિશનર અમિત અરોરાએ મુલાકાત લીધી હતી. વર્ષ ૨૦૨૨માં ગેમઝોનની મુલાકાત લઈ શુભેચ્છા આપી હતી. તત્કાલીન એસપી બલરામ મીણા અને ડીસીપી પ્રવીણ મીણાએ પણ હાજરી આપી હતી. અધિકારીઓના મુલાકાતની તસવીર સામે આવી છે. જે તસવીર બાદ લોકોમાં અનેક પ્રકારની ચર્ચા શરૂ થઈ છે. રાજકોટના ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ મામલે તપાસનો ધમધમાટ ચાલી રહ્યો છે, ઘટના સ્થળે એનડીઆરએફ ની ટીમ પહોંચી પણ કામે લાગી છે. કાટમાળમાંથી માનવ અવશેષો મળી આવ્યા છે. કેટલાક લોકોના ફોટોગ્રાફ પણ મળી આવ્યા છે. કાટમાળમાં સ્ટ્રક્ચરની પણ તપાસ કરવામાં આવી છે. રાજકોટના ટીઆરપી ગેમઝોનમાંથી બિયરના ટીન પણ મળ્યા છે. પોલીસે ઓફિસમાંથી બિયરના ટીન કબજે કર્યા છે અને કહ્યું હતું કે જેના હશે તેની પર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આ કરુણ ઘટના બાદ ગેમઝોનની સુરક્ષાને લઈને પણ સવાલો ઊભા થયા છે,ત્યારે બાળકોના રમત ગમતના સ્થાન એવા ગેમ ઝોનમાં સુરક્ષાના માપદંડ કેટલા રાખવામાં આવ્યા છે,તેને લઈને મામલતદાર સહિત નગરપાલિકાના ફાયર ઓફિસરની ટીમ ચકાસણી અર્થે નીકળી હતી. આ ગેમિંગ ઝોનમાં ફાયર સેફ્ટી સહિત એક્ઝિટ અને એન્ટ્રી અને અન્ય સુરક્ષાના માપદંડોના નિયમોનું પાલન થઈ રહ્યું છે કે, કેમ તેને લઈને પણ ચકાસણી શરૂ કરવામાં આવી છે.જો ગેમ ઝોન દ્વારા કોઈપણ સુરક્ષા માપ દંડનું પાલન ન થતું હોય છે તેના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાને લઈને પણ તંત્ર સાબદુ બન્યું છે.

રાજકોટની દુર્ઘટના બાદ વડોદરામાં પણ સેફ્ટીનો અભાવ હોવાનું આવ્યું બહાર શોપિંગ ફેસ્ટિવલમાં ફાયર સેફટી જ નહીં, કેટલીક જગ્યાએ એન્ટ્રી-એક્ઝીટનો એક જ રસ્તો. રાજકોટની આ કરુણ દુર્ઘટના બાદ વડોદરામાં રાતોરાત ૯ જેટલા ગેમ ઝોન બંધ કરવાનો તંત્ર દ્વારા આદેશ આપાયો છે, ત્યારે તાત્કાલિક ધોરણે ફાયર એન્ડ ઈમરજન્સી સેવાના અધિકારીઓ-કર્મચારીઓ સાથે ફાયર સેફ્ટી રિ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. જેમાં ટેમ્પરરી હોટેલો, ફનઝોન તથા ઘરેલુ સામાનની દુકાનોમાં સેફિટીના પુરતા સાધોનનો અભાવ જોવા મળ્યો હોવાનું સુત્રોએ જણાવ્યું હતું.

# કોલકત્તા નાઈટ રાઈડર્સે આઈપીએલ-૨૦૨૪નું ટાઈટલ કબજે કરી લીધું

## સનરાઇઝર્સ હૈદરાબાદ 113 રન બનાવી ઓલઆઉટ થયુ હતું જ્યારે કોલકત્તાએ ૧૦.૩ ઓવરમાં જ 114 રન બનાવી લીધા

। (એજન્સી) ચેન્નાઈ, તા.૨૭ ।

કોલકત્તા નાઈટ રાઈડર્સે આઈપીએલ-૨૦૨૪નું ટાઈટલ કબજે કરી લીધું છે. કોલકત્તાએ ચેન્નાઈના ચેપોકમાં રમાયેલી ફાઈનલમાં સનરાઈઝર્સ હૈદરાબાદને ૮ વિકેટે કારમો પરાજય આપ્યો છે. કોલકત્તા નાઈટ રાઈડર્સે ત્રીજીવાર ઈન્ડિયન પ્રીમિયર લીગનું ટાઈટલ જીત્યું છે. આ પહેલા કોલકત્તાની ટીમ વર્ષ ૨૦૧૨ અને ૨૦૧૪માં આઈપીએલ ચેમ્પિયન બની હતી. ચેન્નાઈમાં આજે ટોસ જીતી પ્રથમ બેટિંગ કરતા સનરાઈઝર્સ હૈદરાબાદ માત્ર ૧૧૩ રન બનાવી ઓલઆઉટ થઈ ગયું હતું. જેના જવાબમાં કોલકત્તાએ ૧૦.૩ ઓવરમાં ૧૧૪ રન બનાવી લક્ષ્ય હાસિલ કરી લીધો હતો. સનરાઈઝર્સ હૈદરાબાદે આપેલા સામાન્ય લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી કોલકત્તાની શરૂઆત આક્રમક રહી હતી. બીજી ઓવરમાં સુનીલ નારાયણ ૬ રન બનાવી કમિન્સનો શિકાર બન્યો હતો. પરંતુ ત્યારબાદ ગુરબાઝ અને વેંકટેશ અય્યરે ફટકાબાજી કરી હતી.

કોલકત્તાએ પાવરપ્લેમાં ૧ વિકેટે ૯૨ રન ફટકારી દીધા હતા. કોલકત્તા નાઈટ રાઈડર્સે નવમી ઓવરમાં ટીમનો સ્કોર ૧૦૦ને પાર પહોંચાડી દીધો હતો. ગુરબાઝ ૩૨ બોલમાં ૫ ચોગ્ગા અને ૨ સિક્સ સાથે ૩૯ રન બનાવી શાહબાઝની ઓવરમાં આઉટ થયો હતો. વેંકટેશ અય્યરે માત્ર ૨૪ બોલમાં ૪ ફોર અને ૩ સિક્સ સાથે પોતાની અડધી સદી પૂરી કરી હતી. શ્રેયસ અય્યર ૬ અને વેંકટેશ અય્યર ૫૨ રન બનાવી અણનમ રહ્યો હતો. કોલકત્તા નાઈટ રાઈડર્સ ત્રીજીવાર આઈપીએલમાં ચેમ્પિયન બન્યું છે.






જ્યારે કેપ્ટન શ્રેયસ અય્યરની કેપ્ટન તરીકે પ્રથમ આઈપીએલ ટ્રોફી છે. કોલકત્તા નાઈટ રાઈડર્સ ૨૦૧૨માં અને ૨૦૧૪માં આઈપીએલ ચેમ્પિયન બન્યું હતું. આ સમયે ગૌતમ ગંભીર કોલકત્તા નાઈટ રાઈડર્સનો કેપ્ટન હતો. ઓસ્ટ્રેલિયન ફાસ્ટ બોલર મિચેલ સ્ટાર્કે આઈપીએલ ફાઈનલમાં કમાલ કરતા પહેલી ઓવરમાં અભિષેક શર્મા (૨) ને ક્લિન બોલ્ડ કરી દીધો હતો. જ્યારે વૈભવ અરોરાએ ટ્રેવિસ હેડને શૂન્ય રને આઉટ કરી હૈદરાબાદને બીજો ઝટકો આપ્યો હતો.

સ્ટાર્કે પાંચમી ઓવરમાં રાહુલ ત્રિપાઠી (૯) ને આઉટ કરી કેકેઆરને ત્રીજી સફળતા અપાવી હતી. પાવરપ્લે બાદ પણ કોલકત્તાએ નિયમિત અંતરે વિકેટ લેવાનું જાળવી રાખ્યું હતું. નિતિશ રેડ્ડી ૧૩ રન બનાવી હર્ષિત રાણાનો શિકાર બન્યો હતો. એડન માર્કરમ ૨૦ રન બનાવી રસેલની ઓવરમાં પેવેલિયન પરત ફર્યો હતો. હેનરિક ક્લાસેને ૧૬ રનનું યોહદાન આપ્યું હતું. શાહબાઝ અહમદ (૮) અને અબ્દુલ સમદ (૪) રન બનાવી આઉટ થયા હતા. સનરાઈઝર્સ હૈદરાબાદ તરફથી સૌથી વધુ રન કેપ્ટન પેટ કમિન્સે બનાવ્યા હતા. કમિન્સે ૧૯ બોલમાં ૨ ફોર અને ૧ સિક્સ સાથે ૨૪ રન બનાવ્યા હતા. તે રસેલનો શિકાર બન્યો હતો. ત્યારબાદ જયદેવ ઉનડકટ ૪ રન બનાવી નારાયણની ઓવરમાં આઉટ થયો હતો..

કોલકત્તા નાઈટ રાઈડર્સ તરફથી આંદ્રે રસેલે ૨.૩ ઓવરમાં ૧૯ રન આપી ત્રણ વિકેટ લીધી હતી. આ સિવાય મિચેલ સ્ટાર્કે ૩ ઓવરમાં ૧૪ રન આપી બે સફળતા મેળવી હતી. હર્ષિત રાણાએ પણ બે બેટરોને પેવેલિયન પરત મોકલી આપ્યા હતા. જ્યારે વૈભવ અરોરા, સુનીલ નારાયણ અને વરૂણ ચક્રવર્તીને એક-એક સફળતા મળી હતી.

## ન્યૂઝ બ્રિફ

### ૧૭ વર્ષમાં ફક્ત સાત ટીમોએ જીતી આઈપીએલ ટ્રોફી



। (એજન્સી) ચેન્નાઈ, તા.૨૭ ।

ભારતીય ફેન્સને લાંબા સમય બાદ IPL ૨૦૨૪ નો વિજેતા મળી ગયો છે. કોલકત્તા નાઈટ રાઈડર્સે ત્રીજીવાર IPL ચેમ્પિયન બનવવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું છે. ચેન્નાઈના એમએ ચિદંબરમ સ્ટેડિયમમાં રવિવારે રાત્રે રમાયેલી આઈપીએલ ફાઈનલમાં કલકત્તા નાઈટ રાઈડર્સ (KKR) એ સનરાઈઝર્સ હૈદ્રાબાદ (SRH) ને ૫૭ બોલ બાકી રહેતા ૮ રન વિકેટથી માત આપીને ત્રીજીવાર આઈપીએલનો ખિતાબ જીત્યો છે. KKR એ બતાવ્યું કે કેમ તેમની ટીમ IPL ઈતિહાસની ખતરનાક ટીમોમાંથી એક છે. IPL ની ૧૭ સીઝનોમાં ફક્ત ૭ ટીમોએ જ ચેમ્પિયન બનવાનો સ્વાદ ચાખ્યો છે. મુંબઇ ઈન્ડીયન્સે વર્ષ ૨૦૧૩, ૨૦૧૫, ૨૦૧૭, ૨૦૧૯ અને ૨૦૨૦ ના આઈપીએલ ખિતાબને પોતાના નામે કર્યો છે. ચેન્નાઈ સુપર કિંગ્સે વર્ષ ૨૦૧૦, ૨૦૧૧, ૨૦૧૮, ૨૦૨૧ અને ૨૦૨૩ ના આઈપીએલ ખિતાબને પોતાના નામે કર્યો છે. મહેન્દ્ર સિંહ ધોની અને રોહિત શર્મા 5-5 IPL ટ્રોફીઓ સાથે IPL ના સફળ કેપ્ટન છે. કલકત્તા નાઈટ રાઈડર્સ (KKR) એ ૩ (૨૦૧૨, ૨૦૧૪ અને ૨૦૨૪) ખિતાબ પ્રાપ્ત કર્યો છે. ગુજરાત ટાઈટન્સે ૧ આઈપીએલ ખિતાબ ૨૦૨૨ પોતાના નામે કર્યો હતો.

### ધનબાદમાં વાન અને કન્ટેનર વચ્ચે જોરદાર ટક્કર



। (એજન્સી) ઝારખંડ, તા.૨૭ ।

ઝારખંડના ધનબાદમાં એક માર્ગ અકસ્માતમાં ત્રણ લોકોના મોત થયા છે. એક વાનને કન્ટેનર સાથે જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી ગંભીર હતી કે વાન કન્ટેનર સાથે ૨૦૦ મીટર સુધી ખેંચાઈ ગઈ હતી. વાનમાં મુસાફરી કરી રહેલા ત્રણ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. જેમાં પાંચ લોકો ઘાયલ થયા હતા. ઘટનાસ્થળે પહોંચ્યા બાદ પોલીસે તમામ ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. ધનબાદમાં એક માર્ગ અકસ્માતમાં ત્રણ લોકોના મોત થયા છે. જ્યારે પાંચ લોકો ઘાયલ થયા છે. ઘાયલોને સારવાર માટે શહીદ નિર્મલ મહતો મેડિકલ કોલેજ હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે. ઘટના અંગે જણાવવામાં આવી રહ્યું છે કે ધનબાદના બરવાડા પોલીસ સ્ટેશન વિસ્તારના નેશનલ હાઈવે પર મારૂતિ વાન ખોટી દિશામાં જઈ રહી હતી. તેને કન્ટેનર ટ્રેને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી ગંભીર હતી કે કન્ટેનર સાથે મારુતિ વાન લગભગ ૨૦૦ મીટર સુધી ખેંચાઈ ગઈ હતી.

### કર્ણાટક સેક્સ સ્કેન્ડલમાં પ્રજ્વલનું નિવેદન

# સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ સમક્ષ ૩૧ મેના રોજ એસઆઈટીની સામે હાજર થશે

। (એજન્સી) બેંગલુરુ, તા.૨૭ ।

કર્ણાટક સેક્સ સ્કેન્ડલનો મુખ્ય આરોપી પ્રજ્વલ રેવન્ના ૩૧ મેના રોજ એસઆઈટીની સામે હાજર થશે. મામલો બહાર આવ્યા પછી પ્રજ્વલ રેવન્ના ફરાર છે. થોડા દિવસો પહેલા એવી માહિતી બહાર આવી હતી કે તે આ મામલાની ચર્ચા શરૂ થયા બાદ વિદેશ ભાગી ગયો હતો. પ્રજ્વલ રેવન્નાએ તેના નિવેદનમાં કહ્યું કે મારી વિરુદ્ધ રાજકીય ષડયંત્ર થયું છે. હું ડિપ્રેશનમાં ચાલ્યો ગયો. તેમણે વધુમાં કહ્યું કે હાસનમાં કેટલીક તાકાતો મારી વિરુદ્ધ કામ કરી રહી છે કારણ કે હું રાજકીય રીતે આગળ વધી રહ્યો છું. ૩૧ તારીખે સવારે ૧૦ વાગ્યે હું SITની સામે હાજર થઈશ અને સહયોગ કરીશ. મને કોર્ટ પર ભરોસો છે. મારી વિરુદ્ધ ખોટા કેસ કરવામાં આવ્યા છે, મને કાયદા પર ભરોસો છે. પ્રજ્વલ રેવન્નાએ કહ્યું કે હું વિદેશમાં મારા ઠેકાણા વિશે યોગ્ય



માહિતી ન આપવા બદલ મારા પરિવારના સભ્યો, મારા કુમારન્ના અને પક્ષના કાર્યકરોની માફી માંગવા માંગુ છું. પ્રજ્વાલે વધુમાં કહ્યું કે ૨૬મીએ ચૂંટણી પૂરી થઈ ત્યારે મારી સામે કોઈ કેસ નહોતો. SITની રચના કરવામાં આવી નથી. મારા ગયાના ૨-૩ દિવસ પછી, મેં YouTube પર મારી સામેના આ આરોપો જોયા. મેં મારા વકીલ મારફત SITને પત્ર પણ લખ્યો અને ૭ દિવસનો સમય માંગ્યો. તાજેતરમાં કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ પ્રજ્વલ રેવન્નાનો રાજદ્વારી પાસપોર્ટ રદ કરવાની માંગ કરી હતી. આ અંગે તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરી છે. તેમના પત્રમાં, સિદ્ધારમૈયાએ તેને "શરમજનક" ગણાવ્યું કે રેવન્નાએ આરોપો સપાટી પર આવ્યા પછી અને તેની સામે પ્રથમ ફોજદારી કેસ નોંધાયો તે પહેલાં જ દેશ છોડવા માટે તેના રાજદ્વારી પાસપોર્ટનો ઉપયોગ કર્યો. પ્રજ્વલ રેવન્નાએ વિદેશ મંત્રાલયની મંજૂરી લીધા વિના રાજદ્વારી પાસપોર્ટ પર મુસાફરી કરી હતી. નિયમો અનુસાર, વ્યક્તિગત મુસાફરી માટે પણ રાજદ્વારી પાસપોર્ટનો ઉપયોગ કરવા માટે મુક્તિ જરૂરી છે. ૨ મેના રોજ, સાપ્તાહિક બ્રીફિંગ દરમિયાન, વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, "એમપી પ્રજ્વલ રેવન્ના જર્મનીની મુલાકાત અંગે વિદેશ મંત્રાલય દ્વારા કોઈ રાજકીય મંજૂરી માંગવામાં આવી ન હતી.

### હાયપોથર્મિયા અને હાર્ટ એટેકને કારણે મોત

# ચારધામ યાત્રામાં અત્યાર સુધીમાં ૬૪ શ્રદ્ધાળુનાં મોત

। (એજન્સી) દેહરાદૂન, તા.૨૭ ।

ચાર ધામ યાત્રા દરમિયાન મૃત્યુનો સિલસિલો યથાવત છે. તાજેતરમાં હેમકુંડ સાહિબની યાત્રાએ આવેલા પંજાબના ત્રણ શ્રદ્ધાળુઓનું હાર્ટ એટેકથી મોત થયું હતું. આ સિવાય બદ્રીનાથ ધામમાં એક તીર્થયાત્રીનું પણ હાર્ટ એટેકના કારણે મોત થયું છે. આ સાથે હેમકુંડ સાહિબ સહિત ચારેય ધામોમાં હાર્ટ એટેકના કારણે મૃત્યુ પામેલા લોકોની સંખ્યા વધીને ૬૪ થઈ ગઈ છે. કેદારનાથ ધામની ૧૭ દિવસની યાત્રા દરમિયાન ૨૭ શ્રદ્ધાળુઓના મોત થયા છે. હાયપોથર્મિયા અને હાર્ટ એટેક મૃત્યુના મુખ્ય કારણો છે. કેદારનાથ ધામમાં જે યાત્રાળુઓને પહેલાથી જ સ્વાસ્થ્ય સમસ્યાઓ છે તેઓ સ્વાસ્થ્ય સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. આ દિવસોમાં કેદારનાથ ધામમાં દરરોજ હળવા વરસાદને કારણે તાપમાન શૂન્ય ડિગ્રીએ પહોંચી રહ્યું છે. બપોર બાદ દરરોજ વરસાદ પડી રહ્યો છે. આ કારણે તાપમાન ઘણું નીચું છે અને ધામમાં સતત ઠંડો પવન ફૂંકાય છે. આ સાથે અનેક શ્રદ્ધાળુઓ ગરમ કપડા વગર જ મંદિરે પહોંચી રહ્યા છે. જ્યારે આપણે વરસાદમાં ભીના થઈએ છીએ ત્યારે પરિસ્થિતિ વધુ ખરાબ થઈ જાય છે. અતિશય ઠંડીના કારણે યાત્રાળુઓ હાયપોથર્મિયાનો શિકાર બની રહ્યા



છે જે મૃત્યુનું કારણ પણ બની રહ્યું છે. બીજી તરફ કેદારનાથ ધામમાં સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓ ધરાવતા યાત્રિકોને પણ સ્વાસ્થ્ય સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. સામાન્ય રીતે જ્યારે તીર્થયાત્રીઓ ગરમ વિસ્તારોમાંથી સીધા કેદારનાથ ધામ પહોંચે છે ત્યારે તેની સ્વાસ્થ્ય પર ખરાબ અસર પડે છે. પોલીસઅનેવહીવટીતંત્રકેદારનાથધામની પરવાનગી દ્વારા યાત્રાળુઓને હવામાન વિશે માહિતી આપતા રહે છે. તેમ છતાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ગરમ વસ્ત્રો વિના કેદારનાથ ધામ પહોંચી રહ્યા છે.

જે મૃત્યુનું કારણ પણ બની રહ્યું છે. સરકારે કહ્યું છે કે પચાસ વર્ષથી વધુ ઉંમરના શ્રદ્ધાળુઓની હેલ્થ ચેકઅપ જરૂરી છે, પરંતુ યાત્રિકો કોઈપણ ચેકઅપ વિના કેદારનાથ ધામમાં પહોંચી રહ્યા છે. યાત્રિકોની સંખ્યા ઘણી વધારે છે.

### સુપ્રીમે કહ્યું તમે તમારી વાત હાઈકોર્ટમાં રજૂ કરો

# સુપ્રીમ કોર્ટનો ભાજપની અરજી પર સુનાવણી કરવાનો ઇનકાર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

TMC વિરૂદ્ધ જાહેરાતના મામલામાં ભાજપને સુપ્રીમ કોર્ટ તરફથી મોટો ઝટકો લાગ્યો છે. સુપ્રીમ કોર્ટે ભાજપની અરજી પર સુનાવણી કરવાનો ઈનકાર કરી દીધો છે. સુપ્રીમ કોર્ટે ભાજપ ને કહ્યું કે, "પ્રથમ નજરે તમારી જાહેરાત ખોટી છે. તમારો હરીફ તમારો દુશ્મન નથી. તમે તમારી વાત હાઈકોર્ટમાં રજૂ કરો." કલકત્તા હાઈકોર્ટે TMC વિરુદ્ધ બીજેપીની જાહેરાત પર પ્રતિબંધ મૂક્યો હતો. હાઈકોર્ટે TMC વિરુદ્ધ બીજેપીની જાહેરાત પર ૪ જૂન સુધી પ્રતિબંધ મૂક્યો હતો. જે બાદ ભાજપે હાઈકોર્ટના આદેશને પડકારવા માટે સુપ્રીમ કોર્ટના દરવાજા ખખડાવ્યા હતા. હવે અહીંથી પણ ભાજપને ઝટકો લાગ્યો છે. ભાજપના વરિષ્ઠ વકીલ પી.એસ. પટવાલિયાએ કહ્યું કે, અમારી જાહેરાતો તથ્યો પર આધારિત છે. જેના પર જસ્ટિસ મહેશ્વરીએ કહ્યું કે, અરજીમાં સંબંધિત પેજ જુઓ. તમે અહીં મુદ્દાને અતિશયોક્તિ સાથે બતાવી રહ્યા છો. જેમાં અમે દખલગીરી કરવા માંગતા નથી. પટવાલિયાએ કહ્યું કે, અમારી તો વાત પણ સાંભળવામાં આવી નથી. અમારી દલીલ તો સાંભળો. જેના પર જસ્ટિસ વિશ્વનાથને કહ્યું કે, "પ્રથમ નજરે તમારી જાહેરાત બદનક્ષીભરી છે." કોર્ટે કહ્યું કે, "અમે વધુ કડવાશને પ્રોત્સાહન આપી શકીએ નહીં. અલબત્ત તમે તમારી જાતને પ્રમોટ કરી શકો છો. જો હાઈકોર્ટ તમારી વાત સાંભળી રહી છે તો અમે તેમાં શા માટે સામેલ થઈએ." જેના જવાબમાં પટવાલિયાએ કહ્યું કે, આવી સ્થિતિમાં તો આગામી મતદાનની તારીખ ૧લી જૂન પણ વીતી જશે. કૃપા કરીને મારી વાત સાંભળો." જસ્ટિસ વિશ્વનાથને કહ્યું કે, "આવી વધુ જાહેરાતોથી મતદારોને નહીં પરંતુ માત્ર તમને જ ફાયદો થશે." જસ્ટિસ મહેશ્વરીએ કહ્યું કે, મહેરબાની કરીને અહીં કેસ ન ચલાવો. બિનજરૂરી મામલાઓની જરૂર નથી. એમ નથી કહી તહયો કે ચૂંટણી ન લડો. માફ કરશો અમે ઈચ્છુક નથી. ત્યારે પટવાલિયાએ કહ્યું કે, "તેઓ અરજી પાછી ખેંચવા માંગે છે."

# પુણેમાં સસૂન હોસ્પિટલના બે ડોક્ટરોની ધરપકડ કરાઈ

। (એજન્સી) પુણે, તા.૨૭ ।

પુણેમાં પોર્શ કાર અકસ્માત કેસમાં પોલીસે મોટી કાર્યવાહી કરી છે. સસૂન હોસ્પિટલના બે ડોક્ટરોની ધરપકડ કરવામાં આવી છે. તેના પર સગીર (૧૭ વર્ષીય) આરોપીના બ્લડ રિપોર્ટ સાથે ચેડાં કરવાનો આરોપ છે. પૂછપરછ બાદ આ ધરપકડ કરવામાં આવી છે. આ માહિતી પુણે પોલીસ કમિશનર અમિતેશ કુમારે આપી છે. ૧૯ મેના રોજ સવારે આરોપીએ કથિત રીતે દારૂના નશામાં બે બાઈક સવારોને ટક્કર મારી હતી. જેમાં બે લોકોના મોત થયા હતા. શરૂઆતમાં રિપોર્ટ આવ્યો હતો કે તેણે દારૂ પીધો ન હતો પરંતુ તે રાતના સીસીટીવી ફૂટેજમાં તે તેના મિત્રો સાથે બારમાં દારૂ પીતો સ્પષ્ટ દેખાય છે. આરોપ છે કે પૂણેની સસૂન હોસ્પિટલના ડૉક્ટરે સગીરનું બ્લડ સેમ્પલ બદલ્યું હતું. અકસ્માત સર્જનાર સગીરને તબીબી તપાસ માટે પુણેની સસૂન સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. આ દરમિયાન બાળકના પરિવારજનોએ ડોક્ટરને પૈસાની લાલચ આપી હતી. ડૉ. અજય તવરે સસૂન હૉસ્પિટલમાં ફોરેન્સિક મેડિસિન અને ટોક્સિકોલોજીના વડા છે અને ડૉ. શ્રીહરિ હરલોલ ઈમરજન્સી વિભાગના મુખ્ય તબીબી અધિકારી છે. આ પછી શ્રીહરિ હરલોલ વિભાગ દ્વારા સગીરના લોહીના નમૂના લેવામાં આવ્યા હતા, પરંતુ તેમાં આલ્કોહોલ હોઈ શકે છે તે જાણ્યા પછી તેને બદલવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આટલું જ નહીં રજા પર ગયેલા ડો.અજય તવરે ખાસ કરીને આ ગુનો છુપાવવા દરમિયાનગીરી કરી હતી.

# ઓલ ટાઈમ હાઈ થયા બાદ શેર માર્કેટમાં મોટો કડાકો

। (એજન્સી) મુંબઈ, તા.૨૭ ।

બંધ થવાના સમયે શેર બજાર ગગડ્યુ હતું. અને ગગડયું પણ એવું કે દિવસભરની તમામ તેજી ગુમાવીને બીએસઈ સેન્સેક્સ ગઈકાલની સરખામણીએ નીચા સ્તરે બંધ થયો હતો. શેર બજારમાં આજે દિવસભર તેજી જોવા મળી હતી. પરંતુ બંધ થવાના સમયે શેર બજાર ગગડ્યુ હતું. અને ગગડયું પણ એવું કે દિવસભરની તમામ તેજી ગુમાવીને બીએસઈ સેન્સેક્સ ગઈકાલની સરખામણીએ નીચા સ્તરે બંધ થયો હતો. બીજી તરફ નિફ્ટી પણ થોડો ઘટ્યો હતો પરંતુ રેડ ઝોનમાં બંધ થવામાં સફળ રહ્યો હતો. BSE સેન્સેક્સ ૧૯.૮૯-૦.૦૩ ટકાના ઘટાડા સાથે ૭૫,૩૯૦ પર બંધ રહ્યો હતો. એ જ રીતે, એનએસઈનું નિફ્ટી ૨૪.૬૫ પોઈન્ટ અંક અથવા ૦.૧૧ ટકાના ઘટાડા સાથે ૨૨,૯૩૨ના લેવલ પર ક્લોઝ થયું હતું. આ અગાઉ આજે બીએસઈ સેન્સેક્સ અને એનએસઈ નિફ્ટીએ પણ નવી રેકોર્ડ ઉંચાઈ હાંસલ કરી હતી. સેન્સેક્સ પ્રથમ વખત ૭૬,૦૦૦ નો આંકડો વટાવી ગયો હતો. બીજી તરફ નિફ્ટી પાછળ રહ્યો ન હતો અને ૨૩૧૧૦ની સપાટીને પાર કરી ગયો હતો. વૈશ્વિક બજાર પ્રત્યે રોકાણકારોના સકારાત્મક વલણ અને લોકસભાની ચૂંટણીના પરિણામોને કારણે શેરબજારમાં સતત ઉછાળો આવી રહ્યો હતો. નિફ્ટી મિડકેપ પણ પ્રથમ વખત ૫૩૦૦૦ના સ્તરને પાર કરી ગયો હતો..

# ભારે પવનને કારણે ટ્રેનો લપસી જવાની ભીતિ!

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

ચક્રવાતી તોફાન રેમાલે હવે પોતાનું વલણ બતાવવાનું શરૂ કર્યુ છે. ભારતીય હવામાન વિભાગ અનુસાર, ચક્રવાત રામલ હવેથી થોડા સમય પહેલા પશ્ચિમ બંગાળ અને બાંગ્લાદેશના દરિયાકાંઠે ટકરાશે. વાવાઝોડાની અસરને કારણે કોલકાતા શહેરના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. તે જ સમયે, જ્યારે બંગાળના રાજ્યપાલે લોકોને ચક્રવાતને લઈને સતર્ક રહેવાની સૂચના આપી હતી, ત્યારે પીએમ નરેન્દ્ર મોદીએ દિલ્હીમાં સમીક્ષા બેઠક બોલાવી હતી. ભારતીય હવામાન વિભાગ અનુસાર ચક્રવાતની અસર આગામી ૬ કલાક સુધી જોવા મળશે. આ સમયગાળા દરમિયાન પવનની ઝડપ ૧૧૦-૧૨૦ કિમી પ્રતિ કલાકથી વધીને ૧૩૫ કિમી પ્રતિ કલાક થઈ શકે છે. ઉત્તર બંગાળની ખાડીમાં સમુદ્રમાં તેની મહત્તમ ઝડપ ૧૩૫ કિમી પ્રતિ કલાક છે. જેના કારણે પશ્ચિમ બંગાળના બીરભૂમ, નાદિયા, બાંકુરા, પૂર્વ બર્દવાન, પૂર્વ મેદિનીપુર, ઉત્તર ૨૪ પરગણા, દક્ષિણ ૨૪ પરગણા, કોલકાતાના ઘણા વિસ્તારોમાં વરસાદ અને ભારે વરસાદ શરૂ થઈ ગયો છે.તે જ સમયે, સાવચેતીના ભાગ રૂપે, હાવડાના શાલીમાર રેલ્વે સ્ટેશન પર ટ્રેનોના પૈડાને પાટા સાથે સાંકળો અને તાળાઓથી બાંધી દેવામાં આવ્યા છે જેથી તેજ પવનને કારણે ટ્રેન લપસી ન જાય.

# દોહાથી ડબલિન જતી કતાર એરવેઝની ફ્લાઈટમાં અરાજકતા સર્જાઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૭ ।

ડબલિન એરપોર્ટે જણાવ્યું હતું કે દોહાથી આયર્લેન્ડ જતી કતાર એરવેઝની ફ્લાઈટમાં મુસાફરી કરી રહેલા ૧૨ લોકો અશાંતિ દરમિયાન ઘાયલ થયા હતા. તેમણે કહ્યું કે પ્લેન સુરક્ષિત રીતે અને સમયસર લેન્ડ થયું. ફ્લાઈટ QR017, એક બોઈંગ ૭૮૭ ડ્રીમલાઈનર, ડબલિન સમય (12:00 GMT) ના થોડા સમય પહેલા ઉતરી હતી. ડબલિન એરપોર્ટ તરફથી એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, 'દોહાથી કતાર એરવેઝની ફ્લાઈટ QR017 રવિવારે ૧૩.૦૦ કલાક પહેલા ડબલિન એરપોર્ટ પર સુરક્ષિત રીતે ઉતરી ગઈ હતી. તુકી ઉપર ઉડતી વખતે પ્લેન અસ્થિરતા અનુભવ્યા બાદ બોર્ડ પરના લોકોએ ઈજાઓની જાણ કરી હતી. એરપોર્ટ પોલીસ અને અમારા ફાયર અને રેસ્ક્યુ વિભાગ સહિતની કટોકટી સેવાઓએ ઉતરાણ કર્યા પછી પ્રતિક્રિયા આપી અને મુસાફરોને




મદદ કરી.અગાઉ, ૨૧૧ મુસાફરોને લઈને સિંગાપોર એરલાઈન્સની ફ્લાઈટને ગંભીર અશાંતિના કારણે બેંગકોકમાં ઉતરાણ કરવાની ફરજ પડી હતી, પરિણામે ૭૩ વર્ષીય બ્રિટિશ વ્યક્તિનું મૃત્યુ થયું હતું. યુ.એસ. નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડ દ્વારા ૨૦૨૧ના અભ્યાસ મુજબ, ફ્લાઈટમાં મુસાફરો અને ક્રૂને ઈજાઓ થઈ હતી કારણ કે તેઓ અશાંત-સંબંધિત એરલાઈન અકસ્માતો સૌથી સામાન્ય છે. તમને જણાવી દઈએ કે મંગળવારે સિંગાપોર એરલાઈન્સના પ્લેનમાં ખતરનાક ટર્બ્યુલન્સમાં એક વ્યક્તિએ જીવ ગુમાવ્યો હતો અને ઘણા લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. તોફાન દરમિયાન ૭૩ વર્ષીય બ્રિટિશ નાગરિકે કેવી રીતે જીવ ગુમાવ્યો તે અંગે તપાસની ચર્ચા ચાલી રહી હતી, પરંતુ આ ઘટના સાથે એર ટર્બ્યુલન્સને લઈને ચિંતા ફરી એકવાર વધી ગઈ છે. ઘણા માર્ગો જોખમી ઝોનમાં આવે છે, જ્યાં આ ડર યથાવત છે. હવે ક્લાઈમેટ ચેન્જની ગતિ વધવાની સાથે અકસ્માતોની ગતિ પણ વધી શકે છે. આ શબ્દનો વારંવાર ઉડ્ડયનમાં ઉપયોગ થાય છે. હવાના પ્રવાહમાં ફેરફારને કારણે આ અશાંતિ છે. એ પણ સમજી શકાય છે કે જે હવા એરોપ્લેનને ઉડાવવામાં મદદ કરે છે, તેમાં અવરોધ આવે છે. આના કારણે ફ્લાઈટને વધુ કે ઓછો આંચકો લાગે છે અને તે ઝડપથી ઉપર અને નીચે જાય છે. તેની અસર અંદર બેઠેલા લોકો પર પણ જોવા મળે છે.

## તંત્રી લેખ...

# મનુષ્ય ત્યાં સુધી શ્રેષ્ઠ છે જ્યાં સુધી તે માનવતાથી મંડિત છે

કોઈ વિચારકે મનુષ્ય અને માનવેતર જીવો વચ્ચે તુલના કરતાં એવું કહ્યું છે કે સામાન્યતઃ મનુષ્ય અને અન્ય જીવો વચ્ચે કોઈ મોટો ફરક એટલા માટે નથી કારણ કે આહાર, નિદ્રા, ભય અને મૈથુન જેવી પ્રવૃત્તિ માનવેતર જીવોમાં હોય છે તે જ રીતે આવી જ પ્રવૃત્તિ મનુષ્યોમાં પણ હોય છે. તેઓ તો ત્યાં સુધી કહે છે કે મનુષ્યની અપેક્ષાઓ પશુ-પક્ષી વગેરે કામાદિ વૃત્તિઓમાં વધારે સંયમિત થાય છે. તેથી મનુષ્ય ત્યાં સુધી શ્રેષ્ઠ છે જ્યાં સુધી તે માનવતાથી મંડિત છે. માનવતા કોને કહે છે, આ વિષયમાં ભારતીય વિચાર પરંપરામાં વિસ્તારથી પ્રકાશ ફેંકવામાં આવ્યો છે જેમાં એવું કહેવામાં આવ્યું છે કે સાચો મનુષ્ય એ જ છે જે તમામ પ્રતિ ભ્રાતૃ-ભાવથી વ્યવહાર કરે છે. તેમાં ના તે વર્ણનો વિચાર કરે છે અને ના તો ધનવાન કે ગરીબનો વિચાર કરે છે. સૌ કોઈ સાથે હંમેશા એવી રીતે હળી-મળીને રહે છે જાણ કે કોઈ પોતાના સગા ભાઈ સાથે રહે છે. તમામને આપત્તિ-વિપત્તિમાં પડખે ઉભો રહે છે અને જરૂર પડ્યે તમામની ભરપૂર મદદ કરે છે. સામાન્યતઃ મનુષ્યની એ પ્રવૃત્તિ જોવા મળે છે કે તે પ્રાયઃ પોતાનામાં જ મસ્ત રહે છે. અન્યોના સુખ-દુઃખ જોવા કે તેમના અંગે વિચાર કરવામાં આવતો નથી અથવા આમ કરવા માટે તેની પાસે સમય નથી હોતો પરંતુ આ તો પશુ-વૃત્તિ છે જે સાચો મનુષ્ય છે જે પોતાની આસપાસ એ જ જૂએ છે કે કોઈ મુશ્કેલીમાં તો નથી ને. કોઈ ભૂખ્યો અને દુઃખી તો નથી ને. જો તેને આવું કંઈક દેખાય છે તો તે કોઈ પણ પ્રકારના વિલંબ કર્યા વિના તત્કાળ જ અભાવગ્રસ્ત વ્યક્તિની પોતાની ક્ષમતા અનુસાર મદદ કરે છે. આ જ માનવતા છે. જો સહજભાવે મનુષ્યમાં કોઈ દ્વારા પોતાના પ્રતિ કરાયેલા દુર્વ્યવહાર પર ક્રોધ આવે છે તેથી તેના મનમાં પણ દુર્વ્યવહાર કરનારાઓનો અપકાર કરવાની ઈચ્છા જાગ્રત થાય છે, પરંતુ મહાન લકોનું એવું કહેવું છે કે આ વૃત્તિ પણ પશુ-વૃત્તિ છે. તેથી જે માનવીય સ્વભાવ ધરાવનાર વ્યક્તિ છે તે ક્યારેય પોતાના પ્રતિ કરાયેલા દુર્વ્યવહારનો ઉત્તર દુર્વ્યવહારથી આપતો નથી. માનવતાનો સ્વભાવ ધરાવનાર વ્યક્તિ પોતાના સદ્ભાવથી જ દુર્વ્યવહારીના મનને જીતે છે અને સદા દુર્વ્યવહાર કરનારાઓ સાથે સદ્વ્યવહાર જ કરે છે. માનવતાનો એક મોટો સ્વભાવ છે કે જીવનમાં સત્યનો આશ્રયને લઈને ચાલવું. આવો વ્યક્તિ ક્યારેય મહાત ખાતો નથી. માનવ જીવનમાં સારામાં સારો સંસ્કાર એટલે માનવતા. માનવ જીવનનો શણગાર એટલે જ માનવતા. માનવતાનો ખરો અર્થ સમજાય અને જીવનમાં વણાય જાય ત્યારે માનવીનો અવતાર સાર્થક થયો કહેવાય.

## છેલ્લા કેટલાક સમયથી ગુજરાતમાં માનવ સર્જિત કરૂણાન્તિકાઓ



ગુજરાતમાં માનવ સર્જિત કરૂણાન્તિકાઓનો એક લાંબો સિલસિલો ચાલ્યો છે. એમાં રાજકોટના ટીઆરપી ગેઈમ ઝોનની ઘટનાએ પ્રજાજીવનમાં હાહાકાર મચાવી દીધો છે. આપણે ત્યાં નોનસેન્સ નગરસેવકોની એક હરોળ છે અને સરકારી હોવા છતાં સત્તાધારી પક્ષની સેવામાં રત રહેતા અધિકારીઓની એક નિરર્થક ફોજ છે. આને કારણે મહાનગરોની હાલત મોંઘેરા મોતના ડિસ્કાઉન્ટ કાઉન્ટર જેવી બની ગઈ છે. બાળકની જિંદગીને ઠેબે ચડાવતી અવ્યવસ્થાઓ સામે આંખ આડા કાન કરવાની સરકારી નીતિ રાજકોટની અગન જ્વાળામાં છતી થઈ ગઈ છે. સંપૂર્ણપણે કામચલાઉ સ્ટ્રક્ચરમાં ફાઈવ સ્ટાર ચાર્જ લઈને બાળકોને મનોરંજન આપવાના આવા ઝોન આઝાદી પછીના ભારતમાં ઠેર ઠેર જોવા મળે છે. રાજકોટ ગેમિંગ ઝોનમાં આગની ઘટના એ "માનવસર્જિત આપત્તિ" હોવાનું નોંધીને રવિવારે ગુજરાત હાઈકોર્ટની સ્પેશિયલ બેંચે સુઓ મોટો અરજી દાખલ કરી છે. રાજ્ય સરકાર અને મ્યુનિસિપલ કોપરેશનોને નોટિસ પાઠવી હતી અને આ ગેમિંગની જોગવાઈઓ વિશે માહિતી માંગી હતી. તેમણે કહ્યું હતું કે, "અખબારના અહેવાલો દર્શાવે છે કે રાજકોટમાં ગેમિંગ ઝોને GDCR માં છટકબારીઓનો લાભ લીધો હોવાનું જણાય છે. રાજકોટ (Rajkot) શહેરના ગેમ ઝોન અગ્નિકાંડને માનવ સર્જિત દુર્ઘટના(Man-made disaster)ગણાવી છે. આ દુર્ઘટનામાં અત્યાર સુધી ૩૨ લોકોના મોત થયા છે. તેમજ રાજ્ય સરકાર અને સત્તાધિકારીઓને નોટિસ પાઠવી છે. તેમજ આ મુદ્દે સોમવારે સુનાવણી થવાની છે. જેમાં કોર્ટ રાજ્યના ગેમ ઝોન અંગે નિર્દેશ આપી શકે તેમ છે. રાજકોટમાં આમ થવાનું નક્કી જ હતું કારણ કે માલિકો સ્વયં મૂકબધિર રહીને સંચાલન કરતા હતા. થોડા દિવસો પહેલા જ આ ટીઆરપી ઝોનમાં એક દીકરી નાની રમકડાની રેસિંગ કારમાં ફસાઈ ગઈ હતી જેમાં એના લાંબા સુંદર વાળ ખેંચાતા તે લોહીલુહાણ થઈ ગઈ હતી અને માથા પર એક લટ પણ બચી ન હતી. સૌથી ગંભીર વાત એ છે કે ગુજરાત સરકારે હજુ સુધી ગેઈમ ઝોન અંગેના કોઈ નિયમ જ બનાવ્યા નથી અને એની મંજુરીની પ્રક્રિયા તથા એના ઓડિટ માટેની કોઈ આગવી વ્યવસ્થા કરી નથી. ઘણી વખત મ્યુનિસિપલ અધિકારીઓ પોતાના ભ્રષ્ટાચારની ગેઈમ રમવા માટે આવા ઝોનની મુલાકાતે આવે તો માત્ર ફાયર સેફ્ટી માટેના એનઓસીની પૂછપરછ કરીને પોતાના પૂરતી રમત રમીને જતા રહે છે. જન્માષ્ટમીના મેળાઓ, વિવિધ પ્રકારના ફન વર્લ્ડ અને આવા ગેઈમ ઝોન અંગે સરકારે હજુ સુધી પદ્ધતિસરની આચાર સંહિતા ઘડવાની બાકી રાખી છે. ગઈકાલે સ્વયં સુઓમોટો અરજી દાખલ કરીને સરકારને ઊંઘમાંથી જગાડી છે એ એક અલગ વાત છે. આવી કોઈ પણ ઘટના બને એટલે બે ત્રણ પ્રધાનો અને મુખ્યમંત્રી દોડીને પહોંચી જાય છે અને આશ્વાસનની ગંગા વહેતી કરે છે. એમની આ પ્રવૃત્તિ આમ તો ઘોડો છૂટી ગયા પછી તબેલાને તાળા મારવાની પ્રાચીન પદ્ધતિ જ છે. હજુ ગુજરાતમાં આવી અનેક ઘટનાઓ બની શકે છે. સુરતમાં એક ઊંચી ઈમારતના ધાબા પર ડોમ બાંધીને ચિત્રકલાના વર્ગ ચાલતા હતા.

### પૃથ્વી, આકાશ, જળ, પવન, અને અગ્નિ, આ પાંચ તત્વોથી જ પ્રકૃતિ બની છે, અને એ પાંચ તત્વોથી જ આ શરીર બન્યું છે

# આપણાં દ્વારા થયેલું હરિ સ્મરણ એ પ્રકૃતિને સકારાત્મક બળ પૂરું બળ પૂરું પાડે અને સંતુલન સાધવામાં મદદ કરે છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**લાલન પાલન માટે જ આપણે આપણી જરૂરિયાતો વધારે દીધી છે, પ્રકૃતિમાંથીએ પાંચે પાંચ તત્વોની પૂર્તિ કરવાની હોય, એની બદલે આપણે ભોગમાંથી એ તત્વની પૂર્તિ કરવા લાગ્યાં, અને એ પાંચે પાંચ તત્વો જીવંત માંથી ધીરે ધીરે જડ બનતા ગયા, એને કારણે આ પરિસ્થિતિ આવી ગઈ.**

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. પંચ મહાભૂતમાંથી બનેલાં આ શરીરને આપણે ધીરે ધીરે સુખ સુવિધા અને જરૂરિયાતને નામે એવી ટેવો પાડી દીધી છે કે, હવે એ બાહ્ય પ્રકૃતિ સાથે સંતુલન કરી શકતું નથી. અત્યારે આ વૈશાખના આકરા તડકાનો પિરિયડ ચાલી રહ્યો છે, અને જ્યાં હોય ત્યાં બધે આ ગરમીના કોપથી મરી જવાશે, એવી વાતો ચાલતી હોય છે, અને ખરેખર જુઓ હજી એક બે ડિગ્રીનો વધારો થાય તો એવું જ થાય. હાલાકી ટેમ્પરેચરમાં એક કે બે ડિગ્રીનો જ વધારો નોંધાયો હોય, અને જો આપણી પરિસ્થિતિ આવી હોય તો આવનારા વર્ષોમાં હજી એક બે ડિગ્રી વધે ત્યારે શું થશે? એ વિચાર પણ અકલ્પનીય છે. બાહ્ય પ્રકૃતિના પાંચે પાંચ તત્વો જડ છે, અને એ પાંચે તત્વોનું સંયોજન થાય ત્યારે જીવંત પ્રાણી બને છે, એ વૈજ્ઞાનિક સત્ય છે. પણ આધ્યાત્મ ત્યાં અટકી જતું નથી, અધ્યાત્મને પણ આપણે ત્યાં વિજ્ઞાન કહેવામાં આવ્યું છે, અને જો આ પાંચ તત્વ સંયોજાવા છતાં બાહ્ય પ્રકૃતિના એ ઘટક સાથે સંતુલન ન કરી શકે, તો એને બાહ્ય પ્રકૃતિના એ પાંચે પાંચ તત્વો પ્રતાડિત કરી શકે, અને આપણી અત્યારની આ જ પરિસ્થિતિ છે કે, આપણે એની સાથે સંતુલન સાધી શકતા નથી. તો આજે આપણે સંતુલન સાધવા શું કરવું જોઈએ? એ વિશે ચિંતન કરીએ. હમણાં બુદ્ધપૂર્ણિમાની દિવસે અસ્તિત્વ તરફથી એક બ્રહ્મ વાક્યની ભેટ મળતાં, ચિંતનમાં એનો ઉલ્લેખ થયો હતો, કે આપણા દ્વારા થયેલું હરિ સ્મરણ એ પ્રકૃતિને સકારાત્મક બળ પૂરું પાડે છે. એટલે સીધી વાત છે કે આપણા દ્વારા એટલું હરિ સમ્રણ થતું નથી, એટલું ભજન થતું નથી, અને કાં તો જે થાય છે, એ સાચા અર્થમાં થતું નથી. આડંબર થાય છે, દંભ થાય છે, કે પછી દેખાડો થાય છે. કારણ કે આપણે જોઈએ તો ધાર્મિક સમારંભોમાં લોકોની અધધધધ...ભીડ જોવા મળે છે, અને ખરેખર જો એટલા લોકો સાચી રીતે ધર્મનું પાલન કરતા હોય સાચી રીતે હરિ સ્મરણ કરતા હોય, કે ભજન કરતા હોય, તો પ્રકૃતિ આ રીતે કોપિત ન હોય!; પણ છે એટલે કંઈક તકલીફ છે. પૃથ્વી, આકાશ, જળ, પવન, અને અગ્નિ, આ પાંચ તત્વોથી જ પ્રકૃતિ બની છે, અને એ પાંચ તત્વોથી જ આ શરીર બન્યું છે. તોય આપણે આપણાં શરીરનાં સ્વાસ્થ્ય માટે ઘણું કરતા હોઈએ છીએ, અને એના લાલન પાલન માટે જ આપણે આપણી જરૂરિયાતો વધારે દીધી છે. પ્રકૃતિમાંથી એ પાંચે પાંચ તત્વોની પૂર્તિ કરવાની હોય, એની બદલે આપણે ભોગમાંથી એ તત્વની પૂર્તિ કરવા લાગ્યાં, અને એ પાંચે પાંચ તત્વો જીવંત માંથી ધીરે ધીરે જડ બનતા ગયા, એને કારણે આ પરિસ્થિતિ આવી ગઈ. એટલે હવે બાહ્ય પ્રકૃતિને સંતુલિત કરવા તેમજ આપણા એ પાંચે પાંચ જળ તત્વ અને ફરી જીવંત બનાવવા માટે આપણે હજી થોડું સૂક્ષ્મચિંતન કરવું પડશે, નહીં તો આવનારો સમયમાં આપણે અસ્તિત્વ સામે ટકી શકીશું નહીં. પૃથ્વીઃ પૃથ્વીના ત્રણ મુખ્ય ગુણધર્મ છે, એને વિશે આપણે જોઈએ. એક તો પૃથ્વી અચલ છે, એટલે કે વૈજ્ઞાનિક રીતે એ પોતાની ધરી પર ફરતી હોવા છતાં આપણું ઘર આજે અહીં છે ને આવતીકાલે ખસીને બીજે જાય એવું થતું નથી. બીજું બળવાન છે, અથવા દિવસે દિવસે વધતી જતી વસ્તી વધારો અને એને રહેવાના રહેઠાણો તેમજ ઔદ્યોગિક કોમ્પ્લેક્સ વગેરે બનતું જ જાય છે, છતાં તે બધાને ઉપાડવાની ના પાડતી નથી સૌનો ભાર ખમે છે. ત્રીજું અને સૌથી મહત્વપૂર્ણ એ ક્ષમા છે, એટલે કે ઘર બંગલો ફ્લેટ કે પછી અન્ય કોઈ જગ્યાએ ગમે તે થાય, ઘોંઘાટ થાય આગ લાગે, પડી જાય કે પછી એની પર આટલા વાહનો ચાલે, પણ એણે ક્યારેય ઉંકારો કર્યો નથી, એ સૌને ક્ષમા કરે છે. આપણા માના પૃથ્વી તત્વની પૂર્તિ કરવી હોય તો આપણે પૃથ્વીનાં ગુણધર્મ પ્રમાણેનું જીવન જીવવું જોઈએ. આપણા નિર્ણયોમાં અચલ રહેવું, બે પાંચ વ્યક્તિનું કર્તવ્ય કર્મ નિભાવી બળવાન બનવું, અને સહનશક્તિ વધારી મૌન થવું. જો આ શકીએ તો બાહ્ય પ્રકૃતિ આપણને પ્રતાડિત કરી શકે નહીં. આકાશઃ આકાશનાં મુખ્ય ગુણધર્મ પ્રમાણે એ આપણને આધાર આપે છે, બીજું એ વિશાળ છે, ત્રીજું એ ઉદાર છે. આપણે સૌ જાણીએ છીએ કે પૃથ્વી નામક ગ્રહ એ આકાશગંગામાં તરે છે, અને એ ઉપરાંત સૂર્ય ચંદ્ર અને બીજા કેટલાય ગ્રહો આકાશ ગંગામાં તરે છે, અને આકાશ એ સર્વને આધાર આપે છે. આકાશ અનંત છે, એટલે કે પૃથ્વીનાં કોઈપણ છેડે જાવ ત્યાં માથે આકાશ તો હોય જ, એટલે કે કોઈને ઘર હોય કે ન હોય, પણ આકાશની છત તો હોય જ. બ્રહ્માંડની રચના થઈ ત્યારથી સૌને સમાવીને એના ગુણધર્મોની વિલક્ષણતાને સહન કરીને ઉદાર બની સૌને આધાર આપે છે. આજની આપણી વાસ્તવિકતા એ છે કે આપણે કોઈને આધાર આપવાના મતના રહ્યાં નથી. પરિવારનું કર્તવ્ય કર્મ પણ માંડ માંડ પૂરું થાય છે, એની માટેના કારણો ઘણા હોઈ શકે! વિશાળતાથી સૌની સાથે મૈત્રી ભર્યો વહેવાર પણ કરી શકતા નથી, કારણ કે આપણે એટલાં ઉદાર થઈ શકતાં નથી. સ્થૂળ રૂપે કોઈ વસ્તુ આપી શકાતી હોય કે ન આપી શકાતી હોય, પણ ક્ષમા આપીને પણ આપણે ઉદાર બની શકીએ છીએ, એ મુખ્ય વાતને આપણે ભૂલતા જઈએ છીએ. જળઃ જળના મુખ્ય ગુણધર્મો જોઈએ તો જળ પહેલું શીતળ હોય છે, બીજું એ વહેતું રહે છે, એટલે કે સરળ છે, ત્રીજું એ તૃપ્તિનો અહેસાસ કરાવે છે. આપણે શીતળ રહી શકતા નથી , કારણ કે આપણી રહેણી કહેણી તો દિવસે ને દિવસે ઈર્ષા નામની આગને હવા નાંખતી બનતી જાય છે. અહંકાર અને આગ્રહના બોજને કારણે આપણે સરળ પણ રહી શકતા નથી, અને એટલે આપણું જીવન જડ થઈ ગયું છે. આપણા વ્યવહારોમાં ઈર્ષા, અદેખાઈ, નિંદા, ઉપેક્ષા, અપેક્ષા, લાલચ તૃષ્ણા ,મોહ, માયા, મમતા, એ બધું એટલી હદે પ્રવેશી ગયું છે કે, આપણું જીવન આપણને કે અન્ય કોઈને તૃપ્તિ કરાવતું નથી. પવનઃ પવનનું મુખ્ય લક્ષણ લહેરાવું એ છે, બીજું શીતળ સ્પર્શ, અને ત્રીજું આપણામાં પ્રાણ ભરે છે. આપણામાં જડતા એટલી વધતી જાય છે કે આપણે હળવા રહી શકતા નથી, એટલે લહેરાવુ તો શક્ય જ નથી, અને કોઈ ને કોઈ સંતાપથી ઘેરાયેલા હોય સતત એકબીજા દાઝે છે. સ્પર્ધાનાં આ યુગમાં બીજાને પાડી દેવાની અને મારવાની પેરવી ચાલતી હોય, ત્યાં પ્રાણ ભરવો! એ બધું જોઈએ એટલું થતું નથી. અગ્નિઃ અગ્નિ એટલે સૂર્ય, જેની ઉષ્ણ ઉર્જા, જે માત્ર દાહક નથી પણ કાર્ય શક્તિનો સ્રોત છે, અને તેજસ્વી છે. ઉપરાંત અજવાળું કરનાર, આ મુખ્ય ત્રણ ગુણધર્મ છે. સૂર્ય જેવું તો બનવું શક્ય જ નથી, પણ આપણે એનો દાહકતાનો જ ગુણધર્મ સ્વીકાર્યો હોય એમ બધાને દઝાડીએ છીએ. જ્ઞાનથી તેજસ્વીતા આવે જ્યારે આજનો યુગ માત્ર જાણકારીનો છે. પ્રભાવિત થવું અને કરવું એ બે માનસિકતા પ્રકાશિત સુધી પહોંચવા નથી દેતી. આવું જીવન કર્મ સમાજમાં એક બે ટકા લોકો કરતા પણ હોય, પરંતુ એ આટલી મોટી આબાદીની સામે સાવ ઓછું કહેવાય, એટલે સામાજિક ક્રાંતિ લાવવા માટે સમાજના મોટાભાગના વર્ગે આવું કરવું પડે. ઈત્તેફાકની વાત એ છે કે બુદ્ધ જયંતિ એ જ્યારે અસ્તિત્વ એ બ્રહ્મ વાક્યની ભેટ આપી, એ જ દિવસે ગોંડલની કથામાં પૂજ્ય બાપુ એ પણ એવી જ વાત કરી કે, દિવસે દિવસે તંગ થતી જતી પ્રાકૃતિક સમસ્યાના નિવારણ માટે સામુહિક કાર્ય કરવું પડશે. દરેક એક એક વૃક્ષ વાવે, દરેક એક એક હનુમાન ચાલીસાના પાઠ કરે, અને દરેક સનાતન ધર્મ માટે કંઈક કરીશું, એવો એક શિવ સંકલ્પ કરે તો ઝડપથી પરિણામ મળે! આપણું અસ્તિત્વ બચાવવાં માટે આ એક જ માર્ગ છે! તો દિવસે દિવસે વધતી જતી આપણી જડતાં ઓછી થાય અને આપણે પ્રકૃતિના આ પાંચેય તત્વનું સેવન આસાનીથી કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

